Friday 06, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૩૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

ભૈરવ મુકિતધામમાં સ્પર્શ સંસ્થા દ્વારા અનોખી પહેલ

## અરનાલામાં નાના અબોલ પ્રાણીઓના અંતિમસંસ્કારની વ્યવસ્થા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૫ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા તાલુકાના અરનાલા ગામમાં નાના પ્રાણીઓ માટે સમર્પિત ભૈરવ મુક્તિધામ સ્મશાનની અનોખી પહેલ કરવામાં આવી છે. સ્પર્શ સંસ્થા દ્વારા શરૂ કરાયેલ આ સ્થળનું પવિત્રીકરણ પારડીના ડેપ્યુટી કલેક્ટર અને એસ.ડી.એમ. નિરવ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય હેતુ મૃત્યુ પામેલા નાના પ્રાણીઓના સન્માનપૂર્વક અંતિમ સંસ્કાર કરવામાં આવે અને સમાજમાં પ્રાણીઓ પ્રત્યે કરુણા તથા સંવેદનાની ભાવના વિકસે તે છે. આ પ્રસંગે નિરવ પટેલે જણાવ્યું હતું કે, ઘણીવાર રસ્તાઓ પર મૃત પ્રાણીઓ ઉપરથી વાહનો પસાર થતા જોવા મળે છે, જે માનવતાને શોભતું નથી. પરંતુ સ્પર્શ સંસ્થા અને અરનાલા ગામના સહયોગથી શરૂ થયેલી આ પહેલ સમાજ માટે પ્રેરણાદાયી છે. તેમણે જણાવ્યું હતું કે મુંબઈથી આવી સંસ્થા ગામડાં સુધી આવીને પ્રાણીઓની સેવા કરે છે તે પ્રશંસનીય કાર્ય છે. તેમણે પંચલાઈ ખાતે સંસ્થાના પ્રાણીસેવા કેન્દ્રની મુલાકાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ત્યાં પ્રાણીઓ માટે જે સેવા અને સારવાર આપવામાં આવે છે તે અત્યંત સરાહનીય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે પ્રાણીઓ માણસ કરતાં વધુ વફાદાર હોય છે અને તેમની પાસેથી લાગણી, કરુણા અને વિશ્વાસ શીખવા મળે છે. આ પ્રકારની પહેલ સમાજમાં માનવતા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપે છે. આ પ્રસંગે અરનાલા ગામના સરપંચ સરિતાબેન પટેલ, પાટી ગામના સરપંચ જીતુભાઈ પટેલ, અગ્રણી રોહીનભાઈ સૂઈ, ગોઈમા ગામના ગ્રામજનો, અરનાલાના તલાટી કમ મંત્રી, સ્પર્શ સંસ્થાના ટ્રસ્ટી મહર્ષિ કે. દવે, ઋતુ એમ. દવે તથા એડવોકેટ ભૂમિકાબેન સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. હાજર મહાનુભાવો દ્વારા આ પહેલને સરાહનીય ગણાવી પ્રાણીઓ પ્રત્યે કરુણા અને સંવેદનાની ભાવના જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.





## વાપી પંથકમાં ઉલ્લસભેર ધૂળેટીની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી પંથકમાં લોકોએ ધુળેટી ની ઉલ્લાસપૂર્વક ભારે ધામધૂમથી એકબીજા પર રંગ નાખી ઉજવણી કરવામાં આવી હતી જો કે વહેલી સવારથી બપોર સુધી આ રંગ ઉત્સવ ચાલ્યો હતો.

સમગ્ર ગુજરાત રાજ્યમાં ધુળેટી ઉત્સવની ઉજવણી બુધવારના રોજ કરવામાં આવી હતી જેમાં લોકોએ એકબીજા પર પોતાના પરિચિતો પર રંગ નાખી ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. ખાસ કરીને વાપી વિસ્તારમાં રહેતા રાજસ્થાની પરિવાર અને ઉત્તર ભારતીય પરિવાર તેમજ ગ્રામ્ય વિસ્તારના આદિવાસી સમાજમાં ધૂળેટીની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવતી હોય છે.

આ અંગે વહેલી સવારમાં જ્યાં હોળી પકટાવી હોય છે ત્યાં મહિલાઓ ઠંડું પાણી નો અભિષેક કરી ત્યારબાદ રંગ ઉત્સવની ઉજવણી શરૂ થતી હોય છે. જેમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ઢોલ નગારા અને રાજસ્થાની પરિવાર દ્વારા ડફલી વગાડી ઉત્સવ ઉજવે છે તો ઉત્તર ભારતીય સમાજના લોકો રંગ ઉત્સવ સાથે ઠંડાઈ અને ભાંગનું સેવન કરીને પણ ઉજવણી કરવામાં આવે છે ધુળેટી તહેવાર નિમિત્તે વાપી ટાઉન ગામ વ્યવસ્થા તેમજ જીઆઈડીસી પંથકમાં કોઈપણ મારામારી કે અન્ય ફરિયાદો નહીં આવતા પ્રશાસને પણ હસકારો લીધો હતો.

## બીલીમોરાના મૂક-બધિરોએ દમણમાં હોળી-ધૂળેટી ઉજવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં બહેરા અને મૂંગા લોકો માટે ૩૭મો હોળી ઉત્સવ યોજાયો હતો. બીલીમોરા સ્થિત બહેરા અને મૂંગા માનવ મિત્ર સેવા ટ્રસ્ટના મોટી સંખ્યામાં બહેરા અને મૂંગા લોકો ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે દમણ પહોંચ્યા હતા. દમણમાં, છેલ્લા ૩૭ વર્ષથી બહેરા અને મૂંગા ભાઈ-બહેનો સાથે હોળીની ઉજવણી કરવાની પરંપરા જાળવી રાખવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક પ્રદર્શન અને રમતગમત સ્પર્ધાઓ યોજાઈ હતી, જેનાથી સહભાગીઓમાં ભારે ઉત્સાહ ફેલાયો હતો. આ પ્રસંગે કથાકાર ભરતભાઈ વ્યાસ, ભૂતપૂર્વ સાંસદ ગોપાલ ટંડેલ અને હોળી મહોત્સવના પ્રમુખ વલ્લભભાઈ ટંડેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે, બધાએ એકબીજાને ગુલાલ લગાવીને હોળીનો આનંદ વહેંચ્યો હતો.

## લવાછાના મેળાના ઉદ્‌ઘાટનમાં ધારાસભ્યની પડખે લાંચ કેસના આરોપી ગોઠવાઈ જતાં વ્યાપક ચર્ચા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી નજીકના લવાછા ખાતે આવેલ રામેશ્વર મંદિર પાસે ઐતિહાસિક હોળી ધુળેટી ના મેળાનું આયોજન વર્ષોથી થાય છે જે અંતર્ગત આ વર્ષે પણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ તેમાં એન્ટીકરપ્શન વિભાગે લાચ લેતા ઝડપાયેલા એક મહિલા સરપંચના પતિ અને અન્ય એક સરપંચનું સ્ટેજ પર સન્માન સરપંચ તરીકે કરાતા લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી નજીકના લવાછાં ગામે વર્ષોથી હોળી ધુળેટી નો મેળો આઠ દિવસ સુધી ભરાય છે આ મેળાનું મહત્વ આદિવાસીઓમાં તેમજ સ્થાનિક લોકોમાં ખૂબ જ રહ્યું છે પરંતુ આ મેળાના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અને ભાજપના માજી પ્રમુખ તેમજ જિલ્લા તાલુકા ના સભ્યોની ઉપસ્થિતિમાં નાની તંબાડી ગામના મહિલા સરપંચ લાચ લેતા ઝડપાઈ ગયા હતા તેમ છતાં તેમના પતિ મિતેશ પટેલનું સ્ટેજ ઉપર સરપંચ તરીકે સન્માન કરાયું હતું અને તેવી જ રીતે ચીભડ કચ્છ ના સરપંચ તરીકે કલ્પેશ પટેલ પણ એક કોન્ટ્રાક્ટર ઉપર લાચ લેતા ઝડપાયો હતો અને તેમને ડીડીઓ દ્વારા સસ્પેન્ડ કરાયા હતા. તેમ છતાં મંત્રી જીતુભાઈ ચૌધરી અને ભાજપના હોદ્દેદારોએ તેમને સ્ટેજ પર બેસાડી ગુલદસ્તો આપી સન્માન કરાતા તેમજ આજે પણ તેઓ તેમના ગામના સરપંચ હોવાનું જાહેર કરાતા સ્થાનિક લોકો તેમજ તેમના ગામના લોકોમાં પણ ભારે ચર્ચાનો વિષય બન્યો છે. હવે અગામી ચૂંટણીને ધ્યાને લઈ એસીબી દ્વારા લાંચ લેતા રંગે હાથ ઝડપાયેલા સરપંચોને પણ રાજકીય આગેવાનો પોતાનો ઉલ્લુ સીધો કરવા માટે સ્ટેજ પર બેસાડી સન્માન કરી રહ્યા છે તે ખૂબ જ ગંભીર બાબતો અંગે લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

રશીયન, મેક્સીકન, યુથોપીયન, આફ્રિકન, મેંગોલીયન કલાકારો સાથે કદી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ
માત્ર વિદેશી કલાકારો દ્વારા ભજવાતું ભારતનું એકમાત્ર ભવ્ય સર્કસ
CIRCUS
શો સમય ગાળો 2 કલાક
OLYMPIAN CIRCUS PRESENTS
ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ
વાપીમાં પહેલી જ વાર એનિમલ હૉલોગ્રામ શો અને ભવ્ય લેસર શો
વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં
દરરોજ 2 શો 6.00 9.00
શનિ-રવિ 3 શો 3.00 6.00 9.00
Follow us : @suratjanta
ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
Online Tickets on : bookmyshow
સંપર્ક : 7990555636

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN Academic Session 2026-2027 Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માર્ચ - ૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

VIMAL POWERS
V-GUARD
ઠંડી હોય કે ગરમી
ઘરે ઈન્વર્ટર, બેટરી અને સ્ટેબીલાઈઝર તો
V- GUARD
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો

## ખેરગામમાં માર્ગોના નવીનીકરણ સામે લોકોમાં અસંતોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૫ :** ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા સૌ પ્રથમવાર રાજ્ય ધોરીમાર્ગ ૧૮૧ ના વીસેક કિલોમીટરના અંતરમાં નવીનીકરણની કામગીરી માટે લગભગ પંદરેક કરોડ રૂપિયા ખર્ચાયા હોવાનું જાણવા મળે છે જેમાં ફડવેલ ફાટકથી ખેરગામ, પેલાડી ભૈરવી- નહેર સુધીના સારા ડામરમાર્ગનું નવીનીકરણ થયું છે.

ખેરગામમાં ટપાલ કચેરીથી બજાર, ઝંડા ચોક, દશેરા ટેકરીથી બાબાસાહેબ વર્તુળથી જનતા મીલ શ્રીજી ત્રિભેટા સુધીના બાકી રખાયેલા ભાગમાં ગત જુમ્મા થી જુમ્મા-તા.૨૭/૨ સુધીમાં જે નવીનીકરણ થયું તેનાથી સ્થાનિક ગ્રામજનો દ્વારા અસંતોષ વ્યક્ત થયો છે. ગાન્ધી-આમ્બેડકર વર્તુળ વચ્ચેનો દ્વિમાર્ગી રસ્તો બાકાત કરેલ છે,તેના જેવા જ માર્ગના ૨૦ કિમી.મા કેમ નવિનીકરણ કર્યું તે લોકોને અચંબિત કરે છે. વિવાદિત ગલી સહિત બાજુના જોડાણમા અમુક જગ્યાએ ડામર પાથરી આપ્યો છે, તો ધીરજ સ્મૃતિની આજુબાજુની ગલીમાં ડામર પાથર્યો નથી જેથી એક ગલી માંથી રસ્તા પર આવવું જોખમી બન્યું છે. પ્રાથમિક શાળા પાસે ત્રણ ત્રણ બંપ સુધારી એક-૧ બનાવાતા રાહત થઈ છે. બજારવાસીઓની મુખ્ય માંગ રસ્તો દોઢ બે ફૂટ ખોદીને નીચો કરવાનું હતું તેના બદલે માત્ર ૭૫ મિલીમીટરનું જ સારા રસ્તામાં ખોદકામ કરી જે રસ્તો હતો એના કરતાં એકાદ ઈંચ ઊંચો બન્યો,મતલબ બજારોવાસીઓને ફાયદો ન થયો પણ રસ્તો નવો કાળો થયો. જનતા મિલ ગલીની થોડી પહોળાઈના વધારાઈ. જો સરકાર દ્વારા ગ્રામોત્થાન યોજના મંજૂર થાય તો આ ખર્ચ વ્યર્થ છે. એકમાત્ર લાભ કાછિયા ફ. ત્રિભેટાથી સેવાસદન જતા રસ્તામાં સો ફૂટનો બિસ્માર્ગ સુધર્યો. આ નવીનીકરણ થયેલા માર્ગમાં સલામતી માટે આજુબાજુ અને વચ્ચે સફેદ પટ્ટા વહેલી તકે ચીતરાય તે વાહન ચાલકો માટે ખાસ તો રાત્રિના સમયે અત્યંત જરૂરી છે.

## ઘેજ ભરડા નવ જ્યોત ક્રિકેટ ક્લબ દ્વારા હોળી કપ ક્રિકેટ ટુર્ના. સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૫ :** નવજ્યોત ક્રિકેટ ક્લબ ઘેજ ભરડા દ્વારા આયોજિત હોળી કપ - ૨૦૨૬ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન જલારામ ધામ - જીવું ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ ૨૦ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં બજરંગ-૧૧ અને ઘેજ દુકાન ફળિયા ટીમ આમને-સામને આવી હતી. ફાઈનલ મુકાબલો રોમાંચક રહ્યો હતો. બજરંગ-૧૧ ટીમે પ્રથમ દાવમાં ૮ ઓવરમાં ૭૨ રન બનાવી ઘેજ દુકાન ફળિયા ટીમને ૭૩ રનનું લક્ષ્ય આપ્યું હતું.

જવાબમાં ઘેજ દુકાન ફળિયા ટીમ સારો પ્રયાસ કરવા છતાં ૭ રનથી પાછળ રહી ગઈ હતી. પરિણામે બજરંગ-૧૧ ટીમ વિજેતા બની હોળી કપ - ૨૦૨૬ પર કબજો જમાવ્યો હતો, જ્યારે ઘેજ દુકાન ફળિયા ટીમ રનર્સ અપ રહી હતી. વ્યક્તિગત પુરસ્કારોમાં વિરલ પટેલને બેસ્ટ ફિલ્ડર જાહેર કરવામાં આવ્યા હતા. નેહલ પટેલે શાનદાર પ્રદર્શન કરતાં બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર, મેન ઓફ ધ મેચ તથા મેન ઓફ ધ સિરીઝ જેવા મહત્વના ખિતાબો પોતાના નામે કર્યા હતા. આ સમગ્ર ટુર્નામેન્ટમાં ખેલાડીઓ અને ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## ગણદેવી તાલુકા અને ચીખલીમાં ફરિયાદ નિવારણ-સ્વાગત કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૫ :** ગણદેવી તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫મી માર્ચ ૨૦૨૬ના રોજ મામલતદાર કચેરી, ગણદેવી ખાતે સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે. જે માટેની ફરિયાદ અરજીઓ 'તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમમાર્ચ ૨૦૨૬' દર્શાવી અરજી મામલતદાર, ગણદેવી ખાતે ટપાલ મારફત અથવા રૂબરૂમાં ૧૦/૦૩/૨૦૨૬ સુધી મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે તેમ મામલતદાર ગણદેવી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

જયારે મામલતદાર ચીખલી નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા. ૨૬મી માર્ચ -૨૦૨૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મામલતદાર કચેરી ચિખલી નવસારી ખાતે યોજાશે. જાહેર જનતાએ ફરિયાદ અરજી તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમ માર્ચ-૨૦૨૬ દર્શાવી, અરજી મામલતદાર ચીખલીને મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહિ. સરકારી કર્મચારીઓના કેન્દ્ર સરકારને લગતા તેમજ કોર્ટ કાર્યવાહી ચાલુ હોય તેવા કોઈપણ પ્રશ્નોનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહિ. તેમ મામલતદાર ચીખલીની યાદીમાં જણાવાયું છે.

## બીલીમોરા અને ગણદેવીમાં રંગોત્સવની ધૂમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૫ :** બીલીમોરા નગર સહિત સમગ્ર ગણદેવી પંથકમાં ધૂળેટીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાજકીય અગ્રણીઓથી લઈને સામાન્ય નગરજનોએ લાલ, લીલા,રંગબેરંગી ગુલાલ અને પ્રકૃતિના પ્રતીક સમાન કેસુડાના પાણીથી એકબીજાને રંગીને મનભરીને આનંદ માણ્યો હતો. સગા-સંબંધીઓ અને મિત્રોના ટોળાઓએ પરંપરાગત રીતે ગીતસંગીતના તાલે ઝૂમીને પ્રેમ ભાઈચારાના ઉત્સવને રંગીન બનાવ્યો હતો. તો બીજી તરફ યુવાવર્ગમાં ધૂળેટીની ઉજવણીનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો



હતો. અનેક સ્થળોએ યુવકોએ ક્રિકેટ મસ્તી અને રમતગમતના આયોજનો સાથે તહેવારનો આનંદ બમણો કર્યો હતો. રંગોની રમત બાદ વિવિધ ગ્રુપ દ્વારા સમૂહ ભોજનના આયોજનો પણ કરવામાં આવ્યા હતા, જેનાથી સૌહાર્દભર્યું વાતાવરણ સર્જાયું હતું. આમ રંગ રમત અને સ્વાદના ત્રિવેણી સંગમ સાથે બીલીમોરા પંથકમાં ધૂળેટી યાદગાર બની હતી.

## ચીખલી તાલુકામાં રૂા. ૩.૧૧ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુર્હત કરાયું

**નવસારી, તા. ૦૫ :** રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના પીપલગભાણ, સાદકપોર, ખુંધ, આલીપોર અને સુથવાડ ગામોમાં કુલ રૂ.૩.૧૧ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે ગ્રામજનોને સંબોધતાં જણાવ્યું હતું કે માર્ગ, ગ્રામ પંચાયત ભવન અને આંગણવાડી જેવા આધારભૂત માળખાં કોઈપણ ગામના સર્વાંગી વિકાસ માટે પાયો સમાન ભૂમિકા ભજવે છે. આવા સુવિધાસભર માળખાં ઉભાં થવાથી ગ્રામજનોને એક જ સ્થળે શૈક્ષણિક, સામાજિક અને વહીવટી સેવાઓ ઉપલબ્ધ બને છે, જેના પરિણામે ગામમાં સંકલિત અને સુવ્યવસ્થિત વિકાસની પ્રક્રિયા મજબૂત બને છે.

આંગણવાડી જેવી સંસ્થાઓ દ્વારા બાળ વિકાસને પ્રોત્સાહન મળે છે, જ્યારે પંચાયત ભવન ગામના આયોજન અને નિર્ણય પ્રક્રિયાનું કેન્દ્ર બને છે.

ઉપરાંત, નવા અને સજ્જ પંચાયત ભવનના નિર્માણથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની કામગીરી વધુ સુદૃઢ, પારદર્શક અને કાર્યક્ષમ બને છે, જેના કારણે વિકાસ કાર્યોનો લાભ સીધો ગામના નાગરિકો સુધી પહોંચે છે અને ગ્રામ્ય જીવનસ્તરમાં ગુણાત્મક સુધારો થાય છે.

ચીખલી તાલુકાના પીપલગભાણ ગામમાં ૬૮.૦૦ લાખ, સાદકપોરમાં ૪૯.૦૦ લાખ ખુંધમાં ૬૭.૫૦ લાખ, આલીપોરમાં ૮૨.૦૦લાખ અને સુથવાડ ગામમાં ૪૫.૦૦ લાખના મળીને કુલ રૂ.૩૧૧.૫૦ લાખ (રૂ.૩.૧૧ કરોડ)ના વિવિધ વિકાસ કાર્યો માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) ચીખલી પેટા વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત હાથ ધરવામાં આવ્યા છે.

આ કાર્યોમાં નવા માર્ગોના નિર્માણ, રોડ રીસરફેસિંગ, આંગણવાડી બાંધકામ તથા ગ્રામ પંચાયત ભવનના નિર્માણ જેવા કામોનો સમાવેશ થાય છે.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન ચીખલી તાલુકા પ્રમુખ રાકેશ પટેલ, બાંધકામ સમિતિ અધ્યક્ષ બાલુભાઈ પાડવી, તાલુકા પંચાયતના પદાધિકારીઓ તેમજ સંબંધિત ગામોના સરપંચઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વાંસદામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિનામૂલ્યે કોચિંગ કલાસ યોજાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૫ :** સમસ્ત કુકણા સમાજ દ્વારા વાંસદા ખાતે વિનામૂલ્યે કોચિંગ કલાસ એસ.સી./એસ.ટી.બાળકો માટે આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ કેરિયર સેન્ટર ફોર શ્રમ અને રોજગાર મંત્રાલય મજુરાગેટ સુરતના ડાયરેક્ટર ડો. અમનદીપ દ્વારા ફેકલ્ટી મેમ્બર સાથે સમાજ ભવન વાસદા ખાતે દસ દિવસ ના વિના મૂલ્ય કોચિંગ કલાસમાં સમાજના બાળકોને વ્યવસાયલક્ષી અને કેરિયર માટે સ્પર્ધાત્મક



પરીક્ષાઓની ફેકલ્ટી મેમ્બર દ્વારા વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજ આપી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને આ કોચિંગ કલાસથી ખૂબ જ લાભ મળશે.

## ગણદેવીના તેજલબેન પટેલની બે દાયકાથી ગૃહ ઉદ્યોગમાં અવિરત સફર

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૫ :** નવસારી જિલ્લાનાં ગણદેવી નગરપાલિકાના કાછાયવાડ વિસ્તારમાં રહેતી તેજલબેન પટેલ આજે આત્મનિર્ભર મહિલાશક્તિનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે. ઘરઆંગણે પાપડ, ચકરી, સાબુદાણા ,ભાકરવડી અને ગાઠીયા જેવી પરંપરાગત ફરસાણની વસ્તુઓ બનાવી તેમણે ગૃહ ઉદ્યોગ થકી પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે.



લગભગ બે દાયકાથી વધુ સમય પહેલા તેજલબેને ઘરેથી નાના પાયે પાપડ બનાવવાની શરૂઆત કરી હતી. શરૂઆતમાં પાડોશ અને ઓળખીતાઓ પાસેથી નાના ઓર્ડર મળતા હતા. પરંતુ તેમની મહેનત, શુદ્ધતા અને સ્વાદના કારણે ધીમે ધીમે માંગ વધી. ચકરી અને ગાઠીયા જેવી નાસ્તાની વસ્તુઓ ઉમેરતાં તેમના ઉત્પાદનોને વધુ લોકપ્રિયતા મળી.

આ બાબતે તેજલબેન પટેલ કહે છે કે ગૃહ ઉદ્યોગ ચલાવવો સરળ નથી. ઘરકામ સાથે વ્યવસાયનું સંચાલન કરવું પડકારજનક હોય છે. છતાં, સમયનું સંચાલન અને ગ્રાહકો પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમને આગળ ધપાવતી રહી. ગુણવત્તામાં ક્યારેય સમાધાન ન કરવાની તેમની નીતિએ જ તેમને સ્થાનિક સ્તરે મજબૂત ઓળખ અપાવી.

સ્થાનિક બજારમાં મળતા સતત ઓર્ડર અને ગ્રાહકોનો વિશ્વાસ તેમની સફળતાની સાબિતી છે. વર્ષો સુધી બનાવેલા વિશ્વાસના આધાર પર આજે તેઓ નિયમિત ગ્રાહકવર્ગ ધરાવે છે. આર્થિક રીતે પરિવારને સહાયરૂપ થવા સાથે તેમણે પોતાનું આત્મસન્માન અને આત્મવિશ્વાસ પણ વધાર્યો છે.

હાલમાં ગણદેવી નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળામાં તેજલબેને પોતાનો સ્ટોલ મૂક્યો છે. આ મેળામાં તેમના ઉત્પાદનોને વિશાળ જનસમૂહ સમક્ષ રજૂ કરવાનો અવસર મળ્યો છે.

નવા ગ્રાહકો સુધી પહોંચવાની સાથે વેચાણમાં પણ વધારો થયો છે, જેને લઈને તેઓ ખૂબ જ ઉત્સાહિત છે. તેમણે જણાવ્યું કે ક્ક્રમારા જેવા ઘરમાં ગૃહ ઉદ્યોગ શરૂ કરનારને આટલું મોટું વેચાણનું પ્લેટફોર્મ મળવું ગૌરવની બાબત છે. સરકારશ્રી દ્વારા સ્વદેશી મેળાઓનું આયોજન નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપે છે. તેમણે સરકારનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે આવા પ્રયાસોથી મહિલાઓમાં આત્મનિર્ભર બનવાની ભાવના મજબૂત બને છે.

તેજલબેન માત્ર પોતાની સફળતાથી ખુશ નથી, પરંતુ અન્ય મહિલાઓને પણ પ્રેરણા આપવા આતુર છે. તેઓ માને છે કે ઘરમાં રહેલી મહિલાઓ પાસે અદભુત કૌશલ્ય હોય છે,

જેને યોગ્ય માર્ગદર્શન અને પ્લેટફોર્મ મળે તો તેઓ પણ સફળ બની શકે. તેમણે લોકોને સ્વદેશી મેળાનો લાભ લેવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની અપીલ કરી છે, જેથી અનેક મહિલાઓને રોજગાર અને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધવા તક મળે.

તાજેતરમાં ગણદેવી નગરપાલિકા દ્વારા આયોજિત ૨૬ ફેબ્રુઆરી થી ૦૩ માર્ચ સુધી આયોજિત સ્વદેશી મેળો નાના અને ઘરઆંગણે ઉદ્યોગ ચલાવતા ઉદ્યોગકારો માટે આશીર્વાદ સમાન સાબિત થયો છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક કારીગરો, મહિલા ગૃહ ઉદ્યોગકારો અને સ્વરોજગાર સાથે જોડાયેલા પરિવારોને સીધા ગ્રાહકો સાથે જોડવાનો રહ્યો છે.

### બીલીમોરામાં આંતર કોલેજ D-ઝોન વોલીબોલ સ્પર્ધામાં

## વાપીની કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ ચેમ્પિયન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૫ :** બીલીમોરા એ.વી. પટેલ કોમર્સ કોલેજના ગોલ્ડન જયુબલી વર્ષની ઉજવણીના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન D-ઝોન વોલીબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરતભાઈ અમીન અને અતિથિ વિશેષ તરીકે ડૉ. આશાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું, જ્યારે મેજર ડૉ. ભાવેશ દેવતા અને મહાનુભાવોએ ખેલાડીઓને ખેલદિલીની ભાવના સાથે રમવા પ્રોત્સાહિત કર્યા હતા.આયોજિત સ્પર્ધામાં દક્ષિણ ગુજરાતની કુલ ૫ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ફાઈનલ મેચના અંતે રસાકસી બાદ વાપીની KBS કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ વિજેતા જાહેર થઈ હતી,

જ્યારે બીલીમોરાની વી. એસ. પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ રનર્સ અપ રહી હતી.કેળવણી મંડળના પ્રમુખ ભૂપેન્દ્રભાઈ અમીનના હસ્તે વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સમગ્ર આયોજનનું સફળ સંચાલન મેજર ડૉ. ભાવેશ દેવતા અને કોચ હેમંતભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૬-૦૨-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** ફાગણ, ત્રીજ **સૂર્યોદય :** ૦૭ : ૦૦ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૧, **ચંદ્રોદય** - ૦૯:૨૬ **ચંદ્રાસ્ત** - ૦૮:૫૭ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - હસ્ત

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે સવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**તુલા (ર.ત.) :** આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**મકર(જ.ખ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

**કુંભ(ગ.શ.સ.) :** તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 3 | | | | 6 | 1 | |
| 5 | | | | | | | | 9 |
| | | 8 | | 4 | | 7 | | |
| 1 | | 4 | 2 | | 3 | 5 | | 7 |
| | | | | | | | | |
| 7 | | 2 | 8 | | 6 | 9 | | 4 |
| | | 7 | | 6 | | 1 | | |
| 6 | | | | | | | | 8 |
| | 9 | 5 | | | | 3 | 4 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોકસ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૫ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 9 | 1 | 3 | 8 | 6 | 2 | 7 |
| 1 | 2 | 8 | 7 | 9 | 6 | 3 | 4 | 5 |
| 6 | 7 | 3 | 5 | 4 | 2 | 8 | 9 | 1 |
| 8 | 1 | 2 | 3 | 6 | 5 | 9 | 7 | 4 |
| 3 | 6 | 7 | 4 | 2 | 9 | 1 | 5 | 8 |
| 9 | 5 | 4 | 8 | 1 | 7 | 2 | 3 | 6 |
| 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 | 2 |
| 7 | 3 | 6 | 2 | 8 | 4 | 5 | 1 | 9 |
| 2 | 9 | 5 | 6 | 7 | 1 | 4 | 8 | 3 |

## વલસાડમાં સાંસદના નિવાસ્થાને ધૂળેટી રંગોત્સવ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ ડાંગ જિલ્લાના સાંસદના વલસાડ અબ્રામા આવેલા નિવાસ્થાને હોળી ધુળેટી પરવા નિમિત્તે રંગોત્સવ કાર્યક્રમ રાખવામાં આવતા ધરમપુર કપરાડાના ધારાસભ્ય જિલ્લા ભાજપ પ્રમુખ, હોદ્દેદારો, કાર્યકર્તાઓ, પત્રકારો રંગે રંગાઈ ડીજેના તાલે ઝૂમી ઉઠ્યા હતાં.

વલસાડ ડાંગ જિલ્લાનો સાંસદ અને લોકસભા દંડક ધવલભાઇ પટેલના તેમના વલસાડના અબ્રામા મણિબાગના નિવાસ્થાને આજરોજ હોળી ધુળેટી પર્વ નિમિત્તે રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદ ધવલભાઇ પટેલના નિવાસ્થાને રાખવામાં આવેલા રંગોત્સવ કાર્યક્રમમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, તેમજ ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. રંગોત્સવ કાર્યક્રમમાં ડીજેના તાલે કાર્યકર્તાઓ ધારાસભ્યો સાંસદ સહિત ઉપસ્થિત તમામ લોકો જૂની ઊઠ્યા હતાં અને એકબીજાને ગુલાલ લગાવી થોડી ધુળેટી પર્વની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા, પ્રાંત અધિકારી વિમલભાઈ પટેલ, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ સહિત જિલ્લા ભાજપના હોદ્દેદારો અધિકારીઓ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

## તિસ્કરીતલાટમાં રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** સામાજિક જવાબદારી અને માનવસેવાના ભાવ સાથે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર સહયોગ ગ્રુપ તેમજ ખાવડા જસી પાવર ટ્રાન્સમિશન લિ.ના સંયુક્ત સહયોગથી ધરમપુરના તિસ્કરી તલાટ ગામ ખાતે રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પાર્થ ટ્રેડર્સ (વાપી), સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ (મુંબઈ) અને રેમ્બો વોરિયર્સ (ધરમપુર)એ પણ આ પહેલને સમર્થન આપ્યું હતું. કેમ્પ દરમિયાન કુલ ૩૫ યુનિટ રક્ત એકત્રિત થયું, જે અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાતા સાબિત થશે.

આ કેમ્પનો મુખ્ય હેતુ સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવાનો અને રક્તદાન - મહાદાનના સંદેશને ઘરેઘરે પહોંચાડવાનો હતો. રક્ત એક એવું અમૂલ્ય દાન છે જેનું કોઈ વિકલ્પ નથી.

અકસ્માત, સર્જરી, પ્રસૂતિ કે ગંભીર બીમારીઓમાં રક્તની તાત્કાલિક જરૂરિયાત ઊભી થાય છે ત્યારે આવા કેમ્પો સમાજ માટે આશીર્વાદરૂપ બને છે. કેમ્પમાં સ્થાનિક યુવાનો, સામાજિક આગેવાનો અને ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. દરેક રક્તદાતાને પ્રોત્સાહનરૂપે સ્ટીલની બોટલ અર્પણ કરવામાં આવી હતી, જે પર્યાવરણમૈત્રી સંદેશ સાથે સ્વાસ્થ્ય જાગૃતિનું પ્રતિક પણ છે. તિસ્કરી તલાટ ગામના સરપંચ દિનેશભાઈ ભોયાએ જણાવ્યું હતું કે, રક્તદાન કેમ્પ ગામ માટે અત્યંત મહત્વપૂર્ણ પહેલ છે. આપણા ગામના યુવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા તે ગૌરવની વાત છે. આ માત્ર આરોગ્યલક્ષી કાર્યક્રમ નહીં પરંતુ સમાજને એકતાના સૂત્રમાં બાંધતો પ્રયાસ છે. આવાં ઉપક્રમોથી ગામમાં જાગૃતિ વધે છે અને માનવતાની ભાવના મજબૂત બને છે. ભવિષ્યમાં પણ અમે આવા સમાજોપયોગી કાર્યક્રમોને પૂરતો સહકાર આપીશું. કંદર્પ પાંડે, પ્રોજેક્ટ હેડ - વલસાડ, ખાવડા જ સી પાવર ટ્રાન્સમિશન લિ. એ જણાવ્યું હતું કે, સમાજના આરોગ્ય અને કલ્યાણ માટે કાર્ય કરવું અમારી પ્રાથમિકતાઓમાં સામેલ છે. રક્તદાન જેવી પહેલો દ્વારા અમે સ્થાનિક સમુદાય સાથે મજબૂત જોડાણ સ્થાપિત કરીએ છીએ. ૩૫ યુનિટ રક્ત એકત્રિત થવું એ દર્શાવે છે કે ગામલોકોમાં સેવા ભાવના જીવંત છે.

## પારડીમાં શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ વાપી દ્વારા ધૂળેટી પર્વની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૫ :** પારડીમાં શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ વાપી અને બીરબી વાપી દ્વારા પ્રી-ધુળેટીનો ભવ્ય કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ એસ. એ. વેલનેસ પારડી ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે આશરે ૧૨૦ જેટલા બ્રાહ્મણ ભાઈઓ અને બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિશેષ આનંદની વાત એ રહી કે લગભગ ૩૫ જેટલા સભ્યો વલસાડ બ્રહ્મ સમાજ તથા B2B વલસાડ તરફથી ઉપસ્થિત રહ્યા હતા. વાપી અને વલસાડ સમુદાય એકત્રિત થઈ સૌહાર્દ અને એકતાનો સુંદર સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન બાળકો અને ભુલકાઓએ આખો દિવસ ક્રિકેટ રમી આનંદ માણ્યો તેમજ રંગોત્સવની મજા લીધી. ત્યારબાદ સૌએ સ્વિમિંગ પૂલનો આનંદ લીધો. મધ્યાહ્ને સૌ માટે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.બાળકો અને બહેનો માટે ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને સુંદર પ્રતિસાદ મળ્યો હતો. ત્યારબાદ હાઉસી રમતનું આયોજન પણ કરવામાં આવ્યું, જેમાં સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની વિશેષ આકર્ષણરૂપે સમાજના વડીલોએ સુમધુર ગીતો ગાઈ સૌને આનંદિત કર્યા હતા. તેમના ગાયનથી સમગ્ર વાતાવરણ આનંદમય બની ગયું હતું અને ઉપસ્થિત સૌએ હર્ષોલ્લાસપૂર્વક તેનો લ્હાવો લીધો હતો.

સાંજે ચા-નાસ્તા બાદ મંદિર ખાતે ભગવાનની આરતી કરી કાર્યક્રમનો સમાપન કરવામાં આવ્યો.

આ સમગ્ર આયોજનમાં સમાજના પ્રમુખ હાર્દિકભાઈ મહેતા, નિરવભાઈ જાની અને વિલાસભાઈ ઉપાધ્યાયે વિશેષ મહેનત કરી હતી. ડ્રોઈંગ સ્પર્ધા અને હાઉસી રમતના આયોજન તથા વ્યવસ્થામાં સોનલબેન મહેતા, બીનાબેન જાની, યાશી મહેતા અને કાવ્યા જાનીનો નોંધપાત્ર સહકાર રહ્યો હતો.

તેમજ વલસાડ ૭૨૭ના પ્રમુખ અમિતભાઈ આચાર્ય અને ચિરાગભાઈ ઉપાધ્યાયે પણ ઉત્તમ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ સફળ બનાવવા માટે રવિભાઈએ પણ પૂર્ણ સહકાર અને સગવડો પૂરી પાડી હતી. વાપી અને વલસાડ સમાજના સભ્યો મળીને આ પ્રી-ધુળેટી કાર્યક્રમને ભવ્ય અને યાદગાર બનાવ્યો હતો.

## વલસાડના વિહારધામમાં પૂ. આચાર્ય-વર પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પધરામણી થઈ

**વલસાડ, તા. ૦૫ :** અમદાવાદ-મુંબઈ હાઈવે પર આવેલા વલસાડ નજીક શ્રી રત્નાકરસૂરિ સમાધિ મંદિરના વિહારધામ ખાતે પૂ. આચાર્ય-વર પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પધરામણી થઈ હતી. સિધ્ધાન્ત મહોદધિ, વાત્સલ્યવારિધિ જૈનાચાર્ય પૂ. પ્રેમસૂરિદાદાની ૧૪૨મી જન્મતિથિ પ્રસંગે પૂ. આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જિનશાસનના તેજસ્વી તારલા તરીકે પિંડવાડાના પનોતાપુત્ર પ્રેમચંદમાંથી પ્રેમસૂરિજી મ. સુધીની જીવનયાત્રા જગતને અવનવો બોધ આપે છે. પૂર્વના ભવની સાધના ચાલતી હોય અને મૃત્યુ આવી જાય ત્યારે આવા યોગી કક્ષાના સાધકો આ ધરતી ઉપર પોતાની સાધનાને આગળ વધારવા જન્મ લેતા હોય છે. રાષ્ટ્ર, સંસ્કૃતિ અને ધર્મ માટે મસીહા બનીને મહાપુરુષો પોતાની જાતને નીચોવી નાંખતા હોય છે. શાસ્ત્રસંશોધન અને શાસ્ત્રસર્જન એ એમનું જીવન હતું. નિર્મળ જીવન અને નિર્દોષ ચર્યા તે પૂજ્યશ્રીની આગવી ઓળખ હતી. અખબાર કે મેગેઝીનનો જિંદગીમાં ક્યારેય સ્પર્શ કર્યો નહોતો. નારી જાતિ સામે ક્યારેય આંખ ઊંચી કરીને જોયું નથી એવા બ્રહ્મચર્ય સમ્રાટ મહાપુરુષના દર્શન માત્રાથી ભલભલાની વિષય-વાસના શાંત થઈ જતી હતી.

કર્મ સાહિત્ય ક્ષેત્રે અપૂર્વ સર્જન પૂજ્યશ્રીએ કર્યું હતું. પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર ૩૦૦થી અધિક હતો. જિનશાસનના શ્રમણોને અધ્યયન કરાવવા દ્વારા સેંકડો સુભટો તૈયાર કરવાનું યશસ્વી કાર્ય પૂજ્યશ્રીએ કર્યું હતું. 'દાલ ઔર રોટી, બાકી સબ ભાવ ખોટી' એ જ જીવનમન્ત્ર સાથે શુદ્ધ અને સાત્વિક યોગી કક્ષાનું જીવન હતું. ભક્તિ, મૈત્રી અને શુદ્ધિની સરગમે તેઓ સદા મસ્ત રહેતા.

## વલસાડ જિલ્લા ભાજપ પ્રભારી એડવોકેટનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ જિલ્લા ભાજપ પ્રભારી એડવોકેટનું વલસાડનાં ભીડભંજન મહાદેવ મંદિર તેમનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો.



વલસાડ જિલ્લા ભાજપ પ્રભારી એડવોકેટ વિનય કુમાર શુક્લાનો સન્માન સમારોહ વલસાડના ભીડભંજન મહાદેવ મંદિરમાં કથાકાર પ્રફુલભાઈ શુક્લના અધ્યક્ષસ્થાને આજે યોજાયો હતો. ભીડ ભંજન મહાદેવ મંદિરના કર્તા હર્તા. શિવજી મહારાજે આશીર્વાદ આપ્યા હતાં. વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા, ગુજરાત ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન), વલસાડ નગર પાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ, કિશોરીદાસજી મહારાજ, ટંડેલ અખાડાના અભિરામ મહારાજ, સર્વગ્ન મુનિજી, ખેરગામ બ્રહ્મ સમાજના અંકુર શુકલ, વાસ્તુશાસ્ત્રી યોગેશ જોષી, પ્રતીક જોષી, કથાકાર નરેશ રામા નંદી સહિત મોટી સંખ્યામાં વલસાડ જિલ્લાના ભાજપ અગ્રણીઓ જોડાયા હતાં. વિનયભાઈ શુક્લને વલસાડમાં યશ પ્રાપ્ત થાય એવા આશીર્વાદ કથાકાર પ્રફુલભાઈ શુક્લએ આપ્યા હતાં. શિવજી મહારાજ દ્વારા સન્માન સમારોહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ધુળેટીનો તહેવાર હોવા છતાં ભીડભંજન મહાદેવ હોલ ભરાઈ ગયો હતો. આભારવિધિ શિવજી મહારાજે કરી હતી. અંતમાં રાષ્ટ્ર ગીતનું ગાન કરીને બધાને અલ્પ હાર આપવામાં આવ્યો હતો.

## વાપી ગોદાલનગરમાં ૨૭મા વર્ષે હોળી દહન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપીના કોપરલી માર્ગ ઉપર આવેલ ગોદાલ નગરના મુખ્ય ગેટ પાસેના કોમન પ્લોટ ખાતે હોળી પ્રાગટ્ય ઉત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યો હતો. અહીં સ્થાનિક લોકો દ્વારા તા. ૧૯-૦૩-રં૬થી હોળી દહન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જે આજે પણ અવિરત ૨૭ માં વર્ષે રહી હતી સમગ્ર હોળી દહન કાર્યક્રમનું આયોજન અહીં રહેતા તમામ લોકો દ્વારા સાથે મળી કરવામાં આવે છે. જેમાં હજારોની સંખ્યામાં લોકો હોલિકા દહન કાર્યક્રમમાં ઉપસ્થિત રહે છે.

## રાબડા વિશ્વંભરીધામમાં વૈદિક હોળીની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** અસત્ય પર સત્ય અને અધર્મ પર ધર્મના વિજયના મહાપર્વ હોળી નિમિત્તે વલસાડ ના રાબડા સ્થિત પવિત્ર માં વિશ્વંભરી તીર્થધામ માં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. દેશભરમાં હર્ષઉલ્લાસ સાથે ઉજવાતા આ તહેવારને તીર્થધામમાં તેની મૂળ વૈદિક પરંપરાઁ અનુસાર ઉજવવામાં આવ્યો હતો, જે પર્યાવરણ અને આરોગ્ય બંને માટે આશીર્વાદરૂપ છે.આ વૈદિક હોળીની વિશેષતા એ છે કે અહીં હોળીદહન માટે લાકડાના સ્થાને સંપૂર્ણપણે ગાયના ગોબરના છાણાં, નાળીયેરીના સુકા પાન અને તુલસી, આંકડો, દર્ભ, સમી, દુર્વા, પીપળો, ખાખરો, ખેર, અઘેડો, આંબા વગેરે જેવા પવિત્ર અને ઔષધીય ગુણો ધરાવતી સમિધાનો ઉપયોગ કરવામાં આવે છે. આ વૈદિક હોળીદહનમાંથી ઉત્પન્ન થતો ધુમાડો હાનિકારક જંતુઓનો નાશ કરી વાતાવરણને શુદ્ધ કરે છે, જે ઋતુ પરિવર્તન સમયે ફેલાતી બીમારીઓ સામે એક મજબૂત આરોગ્યપ્રદ કવચ પૂરું પાડે છે. ભક્તોએ પવિત્ર અગ્નિની પ્રદક્ષિણા કરી પોતાના અવગુણો છોડવાનો અને સદગુણોનું આચરણ કરવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

શ્રી મહાપાત્રના માર્ગદર્શન હેઠળ માં વિશ્વંભરી તીર્થધામ માત્ર ઉપદેશો સુધી સીમિત ન રહેતા, સમાજ સુધારણા અને માનવ ઉત્થાનનું પ્રત્યક્ષ કાર્ય કરી રહ્યું છે.

## ધમડાચી ગ્રા.પં. સામે આવેલી ખુલ્લી જગ્યામાં આગ લાગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** ધમડાચી ગ્રામ પંચાયત સામે આવેલી ખુલ્લી જગ્યામાંથી પસાર થતી વીજ લાઈનમાં તણખલા સૂકા પાન ઉપર પડતા આગ લાગવાની ઘટનાની જાણ થતાં વલસાડ પાલિકા ફાયર બ્રિગેડની ટીમે આવી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેતા ગામમાં રાહત ગ્રામજનોએ રાહતનો દમ લીધો હતો.

વલસાડ તાલુકાના ધમડાચી ગ્રામ પંચાયત સામે આવેલી ખુલ્લી જમીનમાંથી વીજ લાઇન પસાર થાય છે. આ વીજ લાઈનમાંથી તણખલા પડતાં સૂકા ઘાસમાં આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આગને બોલાવવા માટે જાડીઓથી ફોલાવાની કોશિશ કરી પરંતુ આગ વધુ ફેલાવા માંડી હતી. ધુમાડાના ગોટે ગોટા અને પવન સાથે આગ વધુ તેજ પકડતા નજીકમાં પ્રેરણાત વિસ્તારોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળતા વીજ કંપનીએ તાત્કાલિક વીજ પુરવઠો બંધ કર્યો હતો અને જે અંગે વલસાડ નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતાં ગણતરીની મિનિટોમાં ફાયર બ્રિગેડની ટીમ આવી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેતા ગ્રામજનોનેએ રાહતનો દમ લીધો હતો.

## તિથલ દરિયા કિનારે ધૂળેટી પર્વની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** હોળી ધુળેટીના પરવા નિમિત્તે જાહેર રજા હોવાથી ધુળેટીના દિવસે કેટલાક પરિવારો મિત્રો કે પોતાની ટીમ સાથે તિથલના દરિયા કિનારે આવી એકબીજા પર કલર નાંખી ધુળેટીના પર્વની ઉજવણી કરી હતી. તો બીજી તરફ વલસાડમાં વર્ષોથી રહેતા નેપાલની મહિલાઓએ તિથલ બીચ પર પોતાની સાંસ્કૃતિ મુજબ ગરબા રમી ઉપસ્થિત લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

હોળી ધુળેટીના પરવા નિમિત્તે જાહેર રજા હોવાથી વલસાડ નજીકના તિથલ દરિયા કિનારે બપોર બાદ સ્વામિનારાયણ મંદિરથી સાંઈબાબા મંદિર સુધીના દરિયા કિનારા પર વલસાડની આજુબાજુ તેમજ બહારથી સહેલાણીઓ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતાં. જોકે તિથલ દરિયા કિનારે ધુળેટી પર્વની ઉજવણી કરવા માટે પરિવારના સભ્યો મિત્રો ગ્રુપ બનાવી દરિયા કિનારે ધુળેટી ઉજવણી કરવા એકબીજાને એકબીજા પર કલર નાંખતા જોવા મળ્યા હતાં. તો કેટલાક લોકોએ દરિયાના ધસમસતા ઉછળતા પાણીની લહેરમાં ન્હાવાની મજા માણી હતી. અત્યારે વલસાડના દરિયા કિનારે બીચ પર વલસાડ વિસ્તારમાં વર્ષોથી રહેતા નેપાલની મહિલાઓએ પોતાની સંસ્કૃતિ મુજબ ગરબા રમતા ઉપસ્થિત લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. તો કેટલાક લોકોએ આ નેપાલીયન મહિલાઓના ગરબાને પોતાના મોબાઈલમાં કેદ કરતા જોવા મળ્યા હતાં.

## વલસાડ પાલિકાના 'સ્વદેશી મેળા'માં ૦૭ દિવસમાં ૦૯ લાખથી વધુનો વેપાર થયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ નગરપાલિકા દ્વારા આયોજિત 'સ્વદેશી મેળો ૨૦૨૬'ની સફળ પૂર્ણાહુતિ સાથે સ્થાનિક મહિલા શક્તિનું પ્રભાવશાળી પ્રદર્શન જોવા મળ્યું હતું. તા. ૨૪ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ દરમિયાન યોજાયેલા આ ૦૭ દિવસીય મેળાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અને 'સર્જનથી સમૃદ્ધિ' ના મંત્રને સાકાર કર્યો હતો. સ્વદેશી મેળાના માત્ર ૦૭ દિવસમાં મહિલાઓએ ૦૯ લાખથી વધુનો વેપાર કરી સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ દ્રષ્ટાંત રજૂ કર્યુ હતું. આ મેળામાં આશરે ૫૦ જેટલા સ્ટોલ્સ પર સખીમંડળની બહેનોએ પોતાના ઘરેલુ અને હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કર્યું હતું.

આ ખરીદી સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે લોકોના વિશ્વાસ અને મહિલાઓની મહેનતનું પ્રતિક છે.

આ મેળામાં પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે ધરમપુરનાં યોગીતાબેને નાગલીના બિસ્કિટ અને લસણની ચટણી વેચીને અંદાજે રૂા.૧૨ હજાર જેટલી આવક મેળવી હતી. આ ઉદાહરણ દર્શાવે છે કે, પરંપરાગત અને પૌષ્ટિક આહાર વસ્તુઓ આજે પણ બજારમાં મજબૂત સ્થાન ધરાવે છે.હસ્તકલા અને ઘરેલું ઉત્પાદનોને પણ ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. વલસાડના અબ્રામા વિસ્તારમાં રહેતા કિંજલ રાવલ અને ઉર્વશી પટેલે જણાવ્યું કે, હેન્ડમેડ બંગડીઓ, સેટ અને એરિંગ્સ જેવી વસ્તુઓને સારો પ્રતિસાદ મળ્યો અને અંદાજે રૂા. ૧૦ હજાર જેટલી આવક થઈ હતી.

આ સ્વદેશી મેળાએ મહિલાઓમાં આત્મવિશ્વાસ વધાર્યો હતો અને મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. સ્થાનિક કારીગરો અને સખીમંડળ માટે આવા આયોજનો ભવિષ્યમાં વધુ પ્રગતિના દ્વાર ખોલશે અને 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાનને વધુ મજબૂત બનાવશે એવુ પ્રતિત થયું હતું.

## પારડી પંથકમાં ધૂળેટી પર્વની ઉજવણી કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૫ :** પારડી અને ગ્રામીણ વિસ્તારમાં હોળી ધૂળેટી પર્વની હર્ષાઉલ્લાસ સાથે તહેવારની ઉજવણી કરી હતી.

ખાસ કરીને યુપી, બિહાર વગેરે રાજ્યમાં ધૂળેટી પર્વની અનોખો ઉત્સવ ઉજવવામાં આવે છે. પારડી નગરમાં ઉત્તર ભારતીય તેમજ રાજસ્થાન ભવ્ય ઉજવણી કરી રંગની પિચકારી રંગાઈ ગયા હતાં અને હોલી કુળેટી ના નાદથી પારડી નગર ગુજી ઉઠયું હતું. ત્યારે વાત કરીએ પારડી શહેરની ધૂળેટીનો તહેવાર રંગોત્સવ પારડી શહેર અને તાલુકાના વિવિધ ગામોમાં ઢોલ નગારા વગાડી એકબીજા ઉપર અવનવી ડિઝાઈનવાડી પિચકારી બાળકોથી લઈ યુવા યુવતીઓ વડીલો એકબીજીપર રંગોત્સય ઉડાવી ધૂળેટી પર્વ ઉજવણી કરી એકબીજને શુભકામનાઓ આપી હતી. વાત કરીએ તો પારડી ચંદ્રપુરમાં ઢોલ નગારા વગાડી સંગીતના તાલે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પારડી શહેરના કર્મભૂમિ ડીમ સિટી ભંડારી સ્ટ્રીટ, અભિનવ પાર્ક, સાઈ સંગરીલા સોસાયટી, રોપલ પાર્ક, સુલભ નગર, દમણીઝાપાના વિવિધ વિસ્તાર, સોસાયટી, પરિયા રોડ ભેંસલાપાડ, પારડી લાડ સ્ટ્રીઝ, વાણીયાવાડ, પારડી શાકભાજી માર્કેટ ચિવલ રોડ, પારડી શ્રીરામ ચોક, તેમજ પારડીના વિવિધ વિસ્તારમાં બાલદા ઉમરસાડી માછીવાડ, દેસાઈવાડ, ઉદવાડા ગામ, રેટલાવ ઓરવાડ મોતીવાળા, પરિયા, સુખેશ, વગેરે નાનાવાઘછીપા વિસ્તાર અને શહેર વિવિધ વિસ્તારોમાં ધુળેટી પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં તહેવાર સંપન્ન થયો હતો પારડી પોલીસનું ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ જોવા મળ્યો હતો.

## વાપી રાજસ્થાન પ્રગતિ મંડળના હોળી મેળામાં લોક કલાના રંગો પ્રદર્શિત કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૦૫ :** વાપી, દમણ અને સિલ્વાસામાં રાજસ્થાની સમુદાયની અગ્રણી સંસ્થા, રાજસ્થાન પ્રગતિ મંડળે બુધવારે ધુળેટી પર્વ એ વાપીના ચણોદ ખાતે આવેલ રાજસ્થાન ભવનમાં સાંજે સર્વ-સમુદાય હોળી મેળાનું આયોજન કર્યું હતું. વાપીના ચાણોદમાં રાજસ્થાન ભવન લૉન ખાતે આયોજિત આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન વાપી વિભાગના ભવિષ્ય નિધિ કમિશનર પ્રવીણ ગઢવાલ, ખાસ મહેમાન GST અધિક્ષક ઉમારામ ચૌધરી, મંડળના પ્રમુખ રાજેશ દુગ્ગડ અને અધિકારીઓ દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, રાજસ્થાનના રાણોલીથી આવેલા મારવાડી મ્યુઝિકલ ગ્રુપના લોક કલાકાર મુકેશ ભટ અને તેમની ટીમે રાજસ્થાની લોક સંસ્કૃતિનું પ્રદર્શન કરીને તેમના લોક નૃત્ય પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. મંડળના સભ્ય સુરેશ માલીની આગેવાની હેઠળ એક ડઝન લોક કલાકારોએ મારવાડના તેમના પ્રખ્યાત ગેર નૃત્યથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં. બાળ કલાકારોની આગેવાની હેઠળ સ્થાનિક કલાકારો સુનીલ શર્મા અને અમિત શર્માએ તેમના હોળી ઉજવણી અને લોકગીતોથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમના ફાલ્ગુની ગીતોએ શ્રોતાઓને તેમજ મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

મુખ્ય મહેમાન પ્રવીણ ગઢવાલે કહ્યું કે અહીં આવ્યા પછી એવું લાગે છે કે આપણે રાજસ્થાનમાં જ હોળી ઉજવી રહ્યા છીએ. તેમણે કહ્યું કે રાજસ્થાન પ્રગતિ મંડળ સમાજના તમામ વર્ગના લોકોને સાથે લઈને સંસ્કૃતિની સેવા અને જાળવણી માટે જે કાર્ય કરી રહ્યું છે. મંડળના પ્રમુખ રાજેશ દુગ્ગડે સ્વાગત પ્રવચન આપતાં તમામ સભ્યોને હોળીની શુભકામનાઓ પાઠવી અને મંડળની પ્રવૃત્તિઓમાં શક્ય તેટલો ભાગ લેવા અપીલ કરી. સ્ટેજ ડિરેક્ટર દિનેશ દયામાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજસ્થાની ભાષામાં કર્યું અને શ્રોતાઓને માતૃભાષાના મહત્વથી વાકેફ કર્યા, જેને સૌએ તાળીઓ પાડીને વધાવી લીધો.

## ધરમપુર જીલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં મહિલા વૈજ્ઞાનિકો અંગે વ્યાખ્યાન યોજાયું







**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ધરમપુર સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન સપ્તાહ ઉજવણીના ભાગરૂપે નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકસિત ભારત માટે મહિલા વૈજ્ઞાનિકો અને નવોચારોની ઉજવણી ભૂલાયેલી અગ્રગણ્યોથી ભવિષ્યના નેતાઓ સુધી વિષય પર આ સત્રાનું માર્ગદર્શન ડૉ. ફાલ્ગુની કે. શેઠે, સહાયક પ્રાધ્યાપિકા (વનસ્પતિશાસ્ત્ર), ગવર્નમેંટ સાયન્સ કોલેજ, ભીલાડ દ્વારા આપવામાં આવ્યું હતું, જેમાં ૫૮ વિધ્યાર્થીઓ તથા શિક્ષકો આ ભાગ લીધો હતો.

વ્યાખ્યાન દરમિયાન ડૉ. શેઠે મહિલાઓ દ્વારા વિકસાવવામાં આવેલા પ્રેરણાદાયક નવોચારોના ઉદાહરણો રજૂ કર્યા. તેમાં શાલિની કુમારી દ્વારા તૈયાર કરાયેલ સમાયોજિત પગવાળો સુધારેલ વોકર, આર્ચના કોંવા દ્વારા વિકસિત આઘાત શોષક ક્રચીસ તથા નિશા ચૌબે દ્વારા વૃદ્ધ મુસાફરોને સહાયરૂપ થતી ફોલ્ડિંગ બેઠકવાળી મુસાફરી બેગનો સમાવેશ થયો હતો.

ડૉ. શેઠે જણાવ્યું કે દ્રઢ સંકલ્પ, સર્જનાત્મકતા અને સહનશીલતા સફળ નેતૃત્વ અને નવીનતા માટે અત્યંત આવશ્યક છે. મહિલાઓની વિજ્ઞાન ક્ષેત્રેની ભૂમિકાને વિકસિત ભારતના દ્રષ્ટિકોણ સાથે જોડીને તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરણા આપી. કાર્યક્રમનો અંત પ્રજ્ઞેશ રાઠોડ જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર એ ડૉ. શેઠ નો આભાર વ્યક્ત કર્યો તેમજ રસપ્રદ અને પરસ્પર ક્રિયાત્મક ચર્ચા સાથે માં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ધ્રોલ વિજ્ઞાન કેન્દ્રમાં મહિલાઓ માટે કિચન ગાર્ડન તાલીમ કાર્યક્રમ યોજાયો






**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ ગાંધીનગર -રિત અને એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત શ્રી એમ ડી મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધ્રોલ અને એફપ્રો સંસ્થા ના સંયુક્ત ઉપક્રમે બી સી આઈ પ્રોજેક્ટ ભાઈઓ અને બહેનો માટે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવણી અંતર્ગત કાન્તા ગૌરી રાવલ ટ્રસ્ટના સહયોગથી કિચન ગાર્ડન પર કૌશલ્ય આધારીત તાલીમ વર્ગનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધ્રોલ ક્લસ્ટર ના ૧૩૦ મહિલા અને પુરુષો જોડાયેલ હતા. કાર્યક્રમના ઉદ્ઘાટનમાં સંસ્થા સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા હાજર રહ્યા હતાં અને કેન્દ્રના ડો સંજય પંડ્યાએ પાણી જમીનની પી એચ, ટીડીએસ માપવાની તાલીમ, સીડ્સ બોલ, ઓછા પાણીએ છોડના વિકાસ માટે આઈડિયાનું પ્રયોગીક નિદર્શન, પ્લાસ્ટિક બોટલ, તેલના કેન અને પીવીસી ગાર્ડન અંગેનું નિદર્શન કરી કિચન ગાર્ડન શરુ કરવા અંગે પ્રેરણા પુરી પાડી હતી. કાયર્ક્રમ ના અંતે દરેક વ્યક્તિને શાકભાજીના ૧૨ રોપા એમ કુલ ૧૫૬૦ શાકભાજી રોપા કીચન ગાર્ડન બનાવવા માટે વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ મેનેજર બંસલ સાહેબ, જેન્ડર લીડ હિરલબેન હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પીયુ મેનેજર પ્રવીણભાઈ ગોધાણી દ્વારા કરવામાં આવેલ અને એફ એફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવ હતી.

## સુરત વિજ્ઞાન ગુર્જરી દ્વારા નેશનલ સાયન્સ ડે ઉજવાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વિજ્ઞાન ગુર્જરી સુરત દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી સંસ્થા દ્વારા રવિશંકર મહારાજ પ્રા શાળા ઉગત ખાતે વિવિધ આઠ શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સ ક્વિઝ અને વિજ્ઞાન વાર્તાલાપ યોજાયા હતા. ન. પ્રા. શિક્ષણ સમિતિ સુરતના ચેરમેન રાજેન્દ્રભાઈ કાપડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઈ. ઉપશાસનાધિકારી રાગિણીબેન ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા મનસુખ નારિયાએ વિજ્ઞાન દિવસનું મહત્વ, સી વી રામનના સંશોધન કાર્ય અંગે જણાવ્યુ હતું. રાજેન્દ્રભાઈ કાપડિયાએ બાળકોને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે પ્રેરિત કર્યા હતા. જિલ્લા સંવાહક રંજનાબેન પટેલ અને અમિતભાઈ ટેલરે કાર્યક્રમનું સંકલન કર્યું હતું વિદ્યાર્થીઓને વિજ્ઞાન ગુર્જરી તરફથી પ્રમાણપત્રો, મેડલ અને ટ્રોફીથી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે -હર્ષાબેન મહેતા પ્રો.બીજલ પટેલ અને જી એન કાકડીયા એ તથા ક્વિઝ સંચાલક તરીકે હાર્દિક રાવલે સેવા આપી હતી.

## વાપીની આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે, કારણ કે આ દિવસે ભારતના મહાન વૈજ્ઞાનિક સર સી.વી.રામન દ્વારા વિશ્વપ્રસિદ્ધ Raman Effect ની શોધ કરવામાં આવી હતી. આ ઐતિહાસિક વૈજ્ઞાનિક સિદ્ધિની સ્મૃતિમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ જ પરંપરાને અનુસરી શિક્ષકો તૈયાર કરતી સંસ્થા આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા. સુરભી ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સાથે કોલેજના અધ્યાપકો તથા તાલીમાર્થીઓની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી.

કાર્યક્રમની શરૂઆત કો-ઓર્ડીનેટર પ્રા.પિયુષ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધનથી કરવામાં આવી. ત્યારબાદ અતિથિ પ્રિ.સુરભી ચૌધરી દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૬ માં Women in Science: Catalysing Viksit Bharat થીમ આધારિત પ્રેરણાદાયક વક્તવ્ય રજૂ કર્યું, જેમાં તેમણે મહિલાઓનું વિજ્ઞાન ક્ષેત્રમાં યોગદાન અને વિકસિત ભારતના નિર્માણમાં વિજ્ઞાનની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. ત્યારબાદ કૃત્રિમ બુદ્ધિમત્તા રોજગારી માટે ખતરો કે તક વિષય પર ડિબેટનું યોજાયી જેમાં સૌ તાલીમાર્થીઓ તથા કોલેજના અધ્યાપકો ડૉ. સારિકા પટેલ અને ડૉ. વિમુખ પટેલ પણ સક્રિય રીતે સહભાગી બની તર્કસંગત પોતાના વિચારો રજૂ કર્યા. ત્યારબાદ વિજ્ઞાન વિષયક પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ, જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા ઔષધીય વનસ્પતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ, જેમાં આસપાસ સરળતાથી ઉપલબ્ધ વિવિધ વનસ્પતિઓ લાવી તેનું વૌજ્ઞાનિક નામ, કૂળ, ઔષધીય મૂલ્યો વિશે સુંદર માહિતી રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનો અંત રાષ્ટ્રગાન દ્વારા વિધિવત રીતે સમાપન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના સુચારુ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ, પ્રિન્સિપાલ ડૉ. પ્રીતિ ચૌહાણ દ્વારા સમગ્ર આયોજન સમિતિને અભિનંદન પાઠવવામાં આવ્યા.




આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગુજરાતી ખગોળવિજ્ઞાની યુવતીની પ્રેરક કથા

## આણંદની એકતા શાહે ૬ નવા આકાશગંગા સમુહો શોધી એને ભારતીય નામ આપ્યા

**યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, ડેવિસ (USA) માં પોસ્ટડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ માટે વિશ્વમાંથી પસંદ થયેલા ૩ વિદ્યાર્થીઓમાં સમગ્ર ભારતમાંથી એકતા માત્ર એક જ હતી : યુએસએ જવા માટે મદદ મેળવી ફ્લાઈટ પકડી હતી : હવે સંશોધન માટે ફરી ભારત પરત ફરી**





**એકતા શાહે ૬ નવા આકાશગંગા સમુહોને દ્રષ્ટિ, શ્રવણ, સુરભિ, રુચિ, સ્પર્શ, સ્મૃતિ એવા નામો આપી ભારતનું ગૌરવ આકાશમાં સ્થાપિત કર્યું : બ્રહ્માંડના બાળપણમાં સમૂહમાં રહેતી ગેલેક્સીઓમાં શક્તિશાળી બ્લેકહોલનું પ્રમાણ એકલી ગેલેક્સીઓ કરતાં લગભગ ચાર ગણું વધારે હોવાનું પણ શોધ્યું**

**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

આણંદ શહેરમાં ૧૩ બાય ૧૩ની એક સામાન્ય ઓરડીમાં વસવાટ કરતા માતા-પિતાની સાથે રહી અભ્યાસ કરનારી એક યુવતીએ તેમની આર્થિક સંકડામણને હાર આપી સફળ ખગોળ વૈજ્ઞાનિક બની બતાવ્યું છે. આ યુવતીએ દેશની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કર્યા બાદ અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, ડેવિસમાં નાસા અનુદાનિત ફેલોશીપ મેળવી અંતરીક્ષમાં ૦૬ નવી આકાશગંગાઓના સમુહને શોધી કાઢ્યા છે. આટલું જ નહી, આ નવા સમુહને ભારતીય નામોથી નવાજ્યા છે. માત્ર ૩૨ વર્ષની ઉંમરે તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

આણંદ નગર હવે માત્ર શ્વેતક્રાંતિના જનક માટે જાણીતી ભૂમિ રહી એવું નથી. અહીં વિસ્તરેલી શૈક્ષણિક પ્રવૃત્તિના પરિણામે અનેક યુવાનો આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત દેશનું નામ રોશન કરી રહ્યા છે. તેમાંથી એક નામ છે એકતા શાહ. તેમની ઉક્ત સિદ્ધિ વિશે જાણવું હોય તો પહેલા તેમના સંઘર્ષ વિશે પણ માહિતી મેળવવી જોઇએ.

અર્જુનભાઇ અને લત્તાબેન પટેલની એક માત્ર પુત્રી. આ પરિવાર આણંદના એક એનઆરઆઇ પરિવારના બંગલાના સર્વન્ટ ક્વાર્ટરમાં રહે છે. અર્જુનભાઇ એક ખાનગી કંપનીમાં સેલ્સમેન તરીકે કામ કરે છે અને લત્તાબેન સીવણ કાર્ય કરે છે. બન્ને કામ કરે ત્યારે ઘરના બન્ને છેડા ભેગા થાય, એવી સ્થિતિ. પણ તેમણે પોતાની દીકરી એકતાને અભ્યાસ કરાવવામાં કોઇ કમી રાખી નહી.

બાળપણથી જ એકતા બહુ જિજ્ઞાસુ. પોતાની આસપાસ પ્રકૃતિ, પ્રવૃત્તિ અને ઘટનાઓ વિશે તેમના માતા-પિતાને સતત પ્રશ્નો પૂછ્યા કરે. આ આવું કે આવી જ રીતે કેમ ? આવા પ્રશ્નોએ એકતાની વિચારશક્તિ વિકસાવી. અર્જુનભાઇએ પણ તેમને જ્ઞાન હોય એવા પ્રશ્નોના ઉત્તર આપ્યા પણ એકતાને પ્રશ્નો પૂછતા રોકી નહી.

એકતાને ગુજરાતી માધ્યમની શાળામાં દાખલ કરવામાં આવી. કારણ કે, પરિવાર સાથે વાતો કરવામાં માતૃભાષા જ અસરકારક હતી અને અર્જુનભાઇ એવું ઇચ્છતા નહોતા કે એકતાની પ્રશ્નો પૂછવાની વૃત્તિમાં ભાષા અવરોધ બને. અંગ્રેજી માધ્યમમાં બાળકને ભણાવવાની ઘેલછા રાખનારા વાલીઓએ આ વાત યાદ રાખવા જેવી છે.

કે. જે. ઠક્કર -ાથમિક શાળા, આણંદ હાઇસ્કૂલમાં માધ્યમિક અને બાદમાં ડી. ઝેડ. પટેલ હાઇસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં ગણિત સાથે ઉચ્ચસ્તર માધ્યમિકમાં અભ્યાસ કર્યો. તેમણે ધાર્યું હોત તો રાજ્યની સારી ઇજનેરી કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોત પણ, તેમણે ફિઝીક્સના ક્ષેત્રમાં આગળ વધવાનો નિર્ણય કર્યો. સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરનારાઓને માલૂમ હશે કે ભૌતિકશાસ્ત્રનું નામ પડે એટલે હાજા ગગડી જાય. કારણ કે, ફિઝીક્સના સમીકરણોને ઉકલેવા માટે ગણીતમાં પણ વિદ્વતા જરૂરી છે. આ બાબતમાં એકતાને તેમના ધોરણ-૧૨ના અભ્યાસ દરમિયાનના શિક્ષક જલદીપભાઇ વ્યાસનું માર્ગદર્શન બહુ જ ઉપયોગી નિવડ્યું. આ શિક્ષકે એકતાની જિજ્ઞાસાને યોગ્ય દિશા આપી.

એકતાએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં ગ્રેજ્યુએશન કર્યું. આ અભ્યાસ દરમિયાન જામ (JAM), નેશનલ ગ્રેજ્યુએટ ફિઝીક્સ એક્ઝામિનેશનમાં પણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી. એમ. એસ. યુનિવર્સિટી દરમિયાન તેમના પિતાએ લોન લઇ લેપટોપ લઇ આપ્યું. એના આધારે દેશમાં થતી સ્પર્ધાઓમાં ભાગ લેવા એકતા પહોંચી જતી હતી. બાદમાં આઇઆઇટી - મુંબઇમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. ત્યાં તો તે ગણ્યાગાંઠ્યા ગુજરાતીઓ પૈકી એક હતી.મુંબઇમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ એકતાએ રોચસ્ટર યુનિવર્સિટીમાં એસ્ટ્રોફિઝીક્સમાં પીએચડી કરવાનું નક્કી કર્યું. ત્યાં આ પીએચડી ડિગ્રી માટે એકતા આખી દુનિયામાંથી પસંદ થયેલા ત્રણ વિદ્યાર્થીઓ પૈકી એક હતી. હવે પ્રશ્ન હતો રોચસ્ટર જવા માટે પૈસાનો. આવા સમયે તેમના મહોલ્લાના લોકો, જ્ઞાતિજનો, જે બંગલાના સર્વન્ટ ક્વાર્ટરમાં રહે છે એ એનઆરઆઇ માલિક સહિતના લોકોએ આ પરિવારને આર્થિક મદદ કરી અને પરદેશ જવા માટે જરૂરી નાણાની સમસ્યા ઉકેલાઇ.

વર્ષ ૨૦૧૫માં અર્જુનભાઇ અને લત્તાબેન એરપોર્ટ ઉપર વળાવવા માટે આવ્યા તે પ્રસંગ એકતા ભૂલી શકે એમ નહોતી. અર્જુનભાઇના આંખમાં આંસૂ હતા. આ આંસુ એકતા માટે લાગણીનો પ્રવાહ તો હતો જ પણ સાથે કશું કરવાની પ્રેરણા શક્તિ પણ હતી.

રોચસ્ટર યુનિવર્સિટીમાં એકતાને પ્રસિદ્ધ અમેરિકન સંસ્થા નાસા દ્વારા અનુદાનિત પ્રોજેક્ટમાં કામ કરવાની તક સાંપડી. હવે તેમના રસપ્રદ સંશોધનની વાત શરૂ થાય છે. તેમણે હવાઇ લગાવવામાં આવેલા મસમોટા ટેલિસ્કોપ સેન્ટરમાં કામ કરવાની તક મળી. આવા ટેલિસ્કોપમાં કામ કરવા માટે તેનું એક રાતનું ભાડું જ એક કરોડ રૂપિયા જેટલું થઇ જાય છે !

તેમનું એક સંશોધન બે ગેલેક્સી અથડાયા બાદ તેની અસરો ઉપર આધારિત હતું. તેમના સંશોધનના અંતે એ ફલિત થયું કે, હાલના બ્રહ્માંડમાં જ્યારે બે ગેલેક્સીઓ અથડાય છે, ત્યારે નવા તારાઓનું સર્જન લગભગ બે ગણું વધી જાય છે. પરંતુ બ્રહ્માંડના બાળપણમાં, આવી અથડામણો થતી હતી ત્યારે તારાઓના સર્જનમાં ખાસ વધારો જોવા મળતો નહોતો.


છ વર્ષના સંશોધનને અંતે પીએચડીની ડિગ્રી મેળવ્યા પછી તેઓ અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા ડેવિસમાં પોસ્ટ ડોક્ટરર્સ રિસર્ચ ફેલોશીપ મેળવી ત્રણ સંશોધન કર્યું. એ સંશોધન દરમિયાન તેમણે આકાશમાં બ્રહ્માંડના બાળપણ માં રહેલા ગેલેક્સીના છ નવા સમુહો પણ શોધી કાઢ્યા. હવે અહીં સામાન્ય લોકોને પ્રશ્ન થાય કે, આકાશમાં એટલા તારામંડળો છે તો એમાં આ મંડળ નવું છે ? એ કેવી રીતે ખબર પડે. એ માટે એમિશન સ્પેક્ટ્રા અને એક્ઝર્બોશન સ્પેક્ટ્રાના આધારે તે નિયત કરવામાં આવે છે.

સરળ ભાષા કહીએ તો એ ગેલેક્સીમાં રહેલા હાઇડ્રોઝન, હિલીયમ જેવા વાયુના સ્તરને માપીને નિયત કરાય છે. આ વાયુના સ્તરને દર્જ કરવામાં આવે છે અને એ તેની ઓળખ બની જાય છે. આ છ નવા ગેલેક્સી સમુહ સુધી પહોંચું અત્યારે અશક્ય છે. તેમ છતાં પ્રકાશવર્ષની ગતિએ પ્રવાસ કરવામાં આવે તો ત્યાં સુધી પહોંચતા કરોડો વર્ષ થઇ જાય !

પૃથ્વી પરથી ટેલિસ્કોપ મારફત આ માત્ર ડિસેમ્બરથી જાન્યુઆરી માસ દરમિયાન જોવા મળે છે. વિશાળ ટેલિસ્કોપ ઉપર એલ્યુમિશનની ચોક્કસ પ્રકારની જાડાઇ ધરાવતું પડ ચઢાવી એ ગેલેક્સીનું નિરીક્ષણ કરવું પડે છે. જેથી અન્ય ગેલેક્સીનો પ્રકાશ બાધા ઉત્પન્ન ના કરે.

આ નવા છ સમુહને તેમણે કર્મેન્દ્રીય મુજબ નામ આપ્યા છે. જેમાં દ્રષ્ટિ, શ્રવણ, સુરભિ, રુચિ, સ્પર્શ, સ્મૃતિ એવા નામો આપી ભારતનું ગૌરવ આકાશમાં સ્થાપિત કર્યું છે. તેમના આ સંશોધનને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. લગલગાટ ૯ વર્ષ સુધી અમેરિકામાં સંશોધન કાર્ય કરી એકતા હવે સ્વદેશ પરત ફરી છે. તેમને ત્યાં સારી નોકરીની ઓફર હતી. પણ તે ભારત માટે કશું કરવાની મહેચ્છા ધરાવે છે. એટલે ભારત પરત ફરી છે.

તેઓનો નાસાની સબજેક્ટ એક્સપર્ટ પેનલમાં સમાવેશ થયેલ છે. હાલમાં પણ તેમનું એસ્ટ્રો ફિઝિક્સમાં રિસર્ચ આણંદ થી ચાલુ છે.રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે આણંદની એકતા શાહની આ વાતનો સાર એટલો છે કે, તેજસ્વી-ઓજસ્વી છાત્રોને કોઇ આર્થિક અડચણ નથી આવતી. સારુ શિક્ષણ મેળવવા માટે અંગ્રેજી માધ્યમમાં જ બાળકને ભણાવવું આવશ્યક નથી, સૌથી મહત્વનું કે, બાળકની જિજ્ઞાસાને ઠારવાને બદલે માતા-પિતાએ તેના ઉદ્દીપક બનવું જોઇએ.






## ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં વાર્ષિક વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધા યોજાઈ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય વાર્ષિક વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધા ૨૦૨૬નું બે દિવસીય સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવો, જ્ઞાનમાં વૃદ્ધિ કરવી તથા સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો. આ પ્રસંગે પોતાના ઉદબોદનમાં જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ એ બાળકોને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા આ ક્વિઝ ગેમ થી ધોરણ સાત અને આઠ ના વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રશ્નોનું વાર્ષિક પરીક્ષા માટે રિવિઝન થશે એમ જણાવ્યું હતું. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડના સિનિયર લેક્ચરર અને વિજ્ઞાન સલાહકાર ડો. પંકજ દેસાઈએ જણાવ્યું કે વાર્ષિક વિજ્ઞાન પ્રશ્નોત્તરી સ્પર્ધા વિદ્યાર્થીઓને સુંદર પ્લેટફોર્મ પૂરું પાડે છે સ્પર્ધાના પ્રથમ દિવસે તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રાથમિક રાઉન્ડ યોજાયો હતો, જેમાં કુલ ૨૬ શાળાઓએ ભાગ લીધો હતો. આ રાઉન્ડમાં કુલ ૯૭ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન તેમજ સામાન્ય વૈજ્ઞાનિક જ્ઞાન જેવા વિવિધ વિષયોમાં પોતાનું જ્ઞાન પ્રદર્શિત કર્યું હતું. ઉત્સાહપૂર્ણ અને સુવ્યવસ્થિત પ્રાથમિક રાઉન્ડ બાદ ઉત્તમ પ્રદર્શનના આધારે ૯ શાળાઓને સેમી-ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવી. સ્પર્ધાના બીજા દિવસે તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સેમી-ફાઈનલ તથા ફાઈનલ રાઉન્ડ યોજાયા હતા. પ્રથમ દિવસે પસંદ થયેલી ૯ ટીમોએ આત્મવિશ્વાસ અને ઉત્સાહ સાથે સેમી-ફાઈનલ રાઉન્ડમાં ભાગ લીધો. સેમી-ફાઈનલ રાઉન્ડ અત્યંત સ્પર્ધાત્મક રહ્યો અને તેમાં વિદ્યાર્થીઓનું ઉત્તમ વૈજ્ઞાનિક જ્ઞાન, ટીમવર્ક તથા ઝડપી વિચારશક્તિ પ્રગટ થઈ. સેમી-ફાઈનલ બાદ ૩ શાળાઓ ફાઈનલ રાઉન્ડ માટે પાત્ર બની. ફાઈનલ રાઉન્ડ બૌદ્ધિક રીતે પડકારજનક અને રોમાંચક રહ્યો, જેના કારણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રેક્ષકોનું ધ્યાન કેન્દ્રિત રહ્યું.

સ્પર્ધાના અંતિમ પરિણામોમાં પ્રથમ પુરસ્કારૈં ફુલવાડી મુખ્ય શાળા, ધરમપુર, વિદ્યાર્થીઓ મિતાંશ પટેલ અને પ્રિન્સ મહેતા, દ્વિતીય પુરસ્કાર કન્યા વિદ્યામંદિર, વાપી, વિદ્યાર્થીઓ જ્યોતિ સોની અને સાક્ષી શુક્લા, તૃતીય પુરસ્કાર પી એમ પ્રાથમિક શાળા ખારવેલ, વિદ્યાર્થીઓ પ્રીતિ ગુપ્તા અને પ્રેય પટેલ રહ્યા હતાં. તમામ વિજેતા વિદ્યાર્થીઓને જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, આત્મવિશ્વાસ અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાનો વિકાસ થયો તેમજ યુવા વૈજ્ઞાનિક પ્રતિભાઓને પ્રોત્સાહન આપતું એક મહત્વપૂર્ણ મંચ પ્રાપ્ત થયું હતું.

## ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટરમાં માતૃભાષા દિન ઉજવાયો




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને પ્રગતિશીલ શિક્ષણ દ્વારા નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી ભવ્ય રીતે યોજાઈ. કાર્યક્રમમાં ડૉ. કુબેરભાઈ ડીંડોર (પૂર્વ શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નિસર્ગ આહીર, સુશ્રી પ્રજ્ઞાબેન પટેલ, નરેશ ઠાકર, ડૉ. નરેશકુમાર દવે તથા ડૉ. અનિલ કે. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નાથીબા કોલેજની વિદ્યાર્થીનીઓ વિશેષ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમની શરૂઆતમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ કે. પટેલ દ્વારા મહાનુભાવોનો શાબ્દિક પરિચય આપવામાં આવ્યો. મુખ્ય અતિથિ ડૉ. કુબેરભાઈ ડીંડોરે પોતાના પ્રવચનમાં માતૃભાષા દ્વારા શિક્ષણ પ્રાપ્ત થાય ત્યારે વિદ્યાર્થીમાં સમજણ, આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા વધારે વિકસે છે તે બાબત ઉપર ભાર મૂક્યો હતો. અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ પણ પ્રસંગોચિત વકતવ્યો રજુ કરી માતૃભાષાનું મહત્વ દર્શાવ્યું હતું. કાર્યક્રમના અંતે ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગરના અધ્યક્ષ ડો.ભાગ્યેશ જહા ધ્વારા આપવામાં આવેલ સંદેશો સંભળાવવામાં આવ્યો હતો.

અંતે મહાનુભાવોએ માતૃભાષાના સંવર્ધન, સંરક્ષણ અને પ્રચાર માટે સતત પ્રયત્નશીલ રહેવાની અપીલ કરી હતી.

ઉમરગામ તાલુકા વિશેષ

Friday 06, March 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269


વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દ્વારા

# મરોલીના દાંડીમાં સામૂહિક હનુમાન ચાલીસા પાઠ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : ઉમરગામ તાલુકાના મરોલી દાંડી ગામ ખાતે શુક્રવારે રાત્રે આઠ વાગ્યે સંકટ મોચન સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દ્વારા સત્સંગમાં સામૂહિક હનુમાન ચાલીસા પાઠ રાખવામાં આવ્યા હતાં.

જેમાં વિશ્વ હિંદુ પરિષદના કેન્દ્રીયમંત્રી અને અખીલ ભારતીય સામાજિક સમરસતા પ્રમુખ દેવજીભાઈ રાવતજીની વિશેષ ઉપસ્થિતિ રહી, જેઓને પરિષદ તથા બજરંગદળના કાર્યકર્તાઓ સાથે સમાજના ભાઈ બહેનો દ્વારા કેસરી શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ મા.દેવજીભાઈ રાવત દ્વારા ધર્માંતરણ, લવજેહાદ અને ગૌરક્ષા પર માર્ગદર્શન મળ્યું. સાથે વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ જીલ્લા મંત્રી રાકેશભાઈ રાણાનું પરિષદ કાર્યો પર વિશેષ માર્ગદર્શન મળ્યું હતું.

આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત વિભાગના વિશેષ પ્રમુખ પિયુષભાઈ શાહ, જિલ્લા મંત્રી રાકેશભાઈ રાણા, જિલ્લા ઉપાધ્યક્ષ અંકિતભાઈ શાહ, ઉમરગામ તાલુકા મંત્રી નૈલેશભાઈ દુગડ, બજરંગદળ સંયોજક રામભુવનજી સાથે તાલુકાના કાર્યકર્તાઓ તથા મરોલીદાંડી નવશક્તિ યુવક મંડળના વડીલો, ભાઈ-બહેનો બાળકો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. તાલુકા મંત્રી નૈલેશભાઈ દુગડ દ્વારા પધારેલ અધિકારી સાથે કાર્યકર્તાઓ અને દાંડી ગામના નવશક્તિ યુવક મંડળનો ધન્યવાદ માની કાર્યક્રમ પુર્ણ કર્યા હતાં.

# ઉમરગામમાં રાજસ્થાન સેવા સમિતિનું ધુળેટી નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : ઉમરગામ ખાતે રાજસ્થાન સેવા સમિતિ દ્વારા ધુળેટીના પાવન પ્રસંગે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામને કર્મભૂમિ બનાવી વર્ષોથી વસવાટ કરતા રાજસ્થાનના લોકો દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ધુળેટીના દિવસે આ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના પ્રમુખ સોહનજી તેમજ પૂર્વ પ્રમુખ જવાહરસિંહ રાજપુરોહિત અને સંસ્થાના સભ્યો દ્વારા આમંત્રિત મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કરીને કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આમંત્રણને માન આપી ધારાસભ્ય રમણભાઈ પાટકર, મુરલીભાઈ વર્મા, એપીએમસી ડિરેક્ટર વિજયભાઈ પાટકર સહિત અનેક આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન રાજસ્થાનની સમૃદ્ધ સંસ્કૃતિને ઉજાગર કરતાં પારંપરિક નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. સાથે સાથે મહારાણા પ્રતાપ અને ઝાંસીની રાણીના શૌર્ય અને પરાક્રમોને નૃત્ય સ્વરૂપે જીવંત રીતે રજૂ કરવામાં આવ્યા હતાં. જેને ઉપસ્થિત લોકોએ ભારે ઉત્સાહ સાથે નિહાળ્યા હતા. રાજસ્થાનથી ખાસ આવી પહોંચેલા કલાકારોએ લોકગીતો અને પારંપરિક નૃત્યો રજૂ કરી સમગ્ર માહોલને રંગીન બનાવી દીધો હતો.

આ પ્રસંગે સંસ્થાની તરફથી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર દાતાઓ તથા આમંત્રિત મહેમાનોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમમાં અંદાજે ૬,૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

# ઉમરગામ પંથકમાં હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : હોલીધૂલેટી રંગબેરંગી પર્વ હોય. સહુ ભેગામળી જુનાનવા દોસ્ત મિત્રો સંબંધીઓ પરીવારના સભ્યો સાથે એકબીજાને રંગ લગાવી શુભેચ્છા આપી આનંદમય, ભિલાડ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના પ્રમુખ પિયુષભાઈ શાહે સહું દોસ્ત મિત્રો સાથે બાળકોને પ્રોત્સાહિત કરી શુભેચ્છા અભિનંદન આપ્યા, બાંકડાગૃપ મિત્રો સાથે સૌએ એકમેકને રંગબેરંગી કલરો લગાવી હોલીધૂલેટીની શુભેચ્છાઓ આપી હતી. જય જય શ્રીરામ વંદેમાતરમ્ ભારતમાતાની જય સાથે સહકારની ભાવનાથી સૌએ નાસ્તો કરી આનંદ ખુશીઓ વ્યક્ત કરી હતી.

પ.પૂ.આચાર્યશ્રીના કલ્યાણકારી પજમાં જન્મદિવસની ઉજવણી રૂપે

# સરીગામ જૈન સંઘ દ્વારા અક્ષત વધામણા કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : આજે સરીગામ શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમા શ્રી પ્રેમસુરીશ્વરજી સમુદાયના પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય પ્રશાંતશેખર સુરીશ્વરજી ગુરુ મહારાજા પધાર્યા, એઓશ્રીનું ભવ્ય સામૈયું વાજતેગાજતે ઢોલનગારા સાથે શ્રી સરીગામ ભિલાડના જૈન શ્રાવક શ્રાવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું,

પ.પૂ.આચાર્યશ્રીના કલ્યાણકારી પજમાં જન્મદિવસની ઉજવણી રૂપે સરીગામ જૈન સંઘ દ્વારા ગુરુવરના અક્ષત વધામણા કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમને અનુલક્ષીને સામૈયા બાદ વ્યાખ્યાનમાં ગુરુ ચરણે નમન વંદન કરી સહુંએ વાક્ષેપ નંખાવી આશિર્વાદ લીધાં, બાદ ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ નિરવભાઈ શાહ, ગૌસેવા કરતાં વિશ્વ હિન્દુ પરિષદના પિયુષભાઈ શાહ, અંકિતભાઈ શાહ સાથે હરિશભાઈ, ગૌતમભાઈ, હિતેશભાઈ, રાકેશભાઈ, મોદી મંચના મનમોહનજીને પ.પૂ. ગુરુવરે વિઘ્નો દૂર કરવા રક્ષણકવચ રક્ષાપોટલી બાંધી સમાજ કલ્યાણમાં આગળ વધવા આશિષ આપ્યા હતાં.

સાથે ભિલાડ જૈનસંઘના વિપુલભાઈ, યોગેશભાઈ, પ્રશાંતભાઈ સાથે ભિલાડ સંઘની બહેનો પણ સામૈયામાં ઉપસ્થિત રહ્યાં, આ કાર્યક્રમને સફળ બનાવવામાં કનકભાઈ લોઢા, જીગ્નેશભાઈ વકિલ, કમલેશભાઈ રાઠોડ, ભરતભાઈ રાણાવત, મનમોહનભાઈ, અજયભાઈ, નિતિનભાઈ, જીતુંભાઈ, રાકેશભાઈ, નિલેશભાઈ, કૈલાશભાઈ, બ્રિજેશભાઈ સહુંએ ભેગામળી આયોજન કર્યું, એઓને પણ પ.પૂ.ગુરુ મહારાજે આશિર્વાદ આપી કલ્યાણકારી મંગલ થાઓની શુભેચ્છાઓ આપી હતી.

# ઉમરગામની એમ.એમ. હાઈસ્કૂલને મિડ માર્ક પ્રાઈવેટ લિમિટેડનું દાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : ઉમરગામની ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત એમ.એમ. હાઈસ્કૂલ છેલ્લા ૧૩૨ વર્ષથી શિક્ષણની દીવાદાંડી પ્રગટાવી રહી છે. સંસ્થા હંમેશા માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન પૂરતું નહીં, પરંતુ સંસ્કાર, શિસ્ત અને સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખીને વિદ્યાર્થીઓનું ઘડતર કરતી આવી છે. સમાજના દરેક વર્ગના વિદ્યાર્થીઓ સુધી ગુણવત્તાસભર શિક્ષણ પહોંચાડવાનો સંકલ્પ શાળાની વિશિષ્ટ ઓળખ બની ગયો છે.

વિદ્યાર્થીઓની સતત વધતી સંખ્યા તથા આધુનિક શિક્ષણની માંગને અનુરૂપ સુવિધાઓ વિકસાવવા માટે મિડ માર્ક પ્રાઈવેટ લિમિટેડના EVP દિનેશભાઈ કરંડીકર અને આશિષભાઈ દેવોકર ( SR. VP ) દ્વારા રૂ. ૧૫ લાખનું ઉદાર દાન પ્રાપ્ત થયું છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૧૮ થી આજ દિન સુધીમાં શાળાને કુલ ૫૮,૦૫,૦૦૦ (અઠાવન લાખ પાંચ હજાર)નું ઉદાર દાન પ્રાપ્ત થયું છે, જે સંસ્થાપ્રતિ સમાજના અખંડ વિશ્વાસ અને સહકારનું પ્રતિક છે.આ દાન માત્ર આર્થિક સહાય નથી, પરંતુ શિક્ષણ પ્રત્યેના વિશ્વાસ, સામાજિક જવાબદારી અને કર્મભૂમિ પ્રત્યેની કૃતજ્ઞતાનું જીવંત પ્રતિબિંબ છે. આ યોગદાનથી શાળામાં નવા વર્ગખંડો, આધુનિક શૈક્ષણિક સાધનો તથા સુવિધાસભર અભ્યાસ વાતાવરણ ઊભું કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવાશે. વિદ્યાર્થીઓને વધુ સક્ષમ, આત્મવિશ્વાસી અને ભવિષ્યમુખી બનાવવા માટે આ સહયોગ મજબૂત આધારસ્તંભ સાબિત થશે. ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ, ખજાનચી બંકિમભાઈ શાહ તેમજ શાળાના આચાર્ય અલ્પેશકુમાર પટેલ, સહ-આચાર્યા જેસલ શાહ અને સુપરવાઈઝર મહેન્દ્રભાઈ પટેલ દ્વારા મિડ માર્ક પ્રાઈવેટ લિમિટેડનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

હાલ ઉમરગામ ઔદ્યોગિક વસાહતમાં ૧૨૦૦થી વધુ કંપનીઓ કાર્યરત છે, જેમાંથી ઘણી કંપનીઓ CSR હેઠળ આવે છે. આવી તમામ ઉદ્યોગ સંસ્થાઓને પણ ઉમરગામમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓને યોગ્ય અને પૂરતું દાન આપી પોતાની કર્મભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવા હાર્દિક અપીલ કરવામાં આવે છે. આ પ્રેરણાદાયી દાન ઉમરગામના શિક્ષણક્ષેત્રે નવી આશા, નવી ઊર્જા અને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જતું મક્કમ પગલું સાબિત થશે.

# ઉમરગામની એમ.કે. મેહતા કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : શ્રી એમ.કે. મેહતા કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી.

ત્યારબાદ કોલેજના અધ્યાપકોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કવિતા પઠન, ડાન્સ પ્રસ્તુતિ, ડોક્યુમેન્ટરી ફિલ્મનું પ્રદર્શન તથા વૈજ્ઞાનિક વિષય પર આધારિત નાટક રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને નવીનતા પ્રત્યેની જાગૃતિ પ્રગટ કરવામાં આવી હતી. વિજ્ઞાન વિષયના પ્રા. સોનાલી આહીર દ્વારા પ્રાથમિક ઉદબોધન આપવામાં આવ્યું.

જેમાં તેમણે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની મહત્વતા અને વૈજ્ઞાનિક ચિંતનના વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય ડૉ. નીતા પટેલ દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા,તેમણે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અભિગમ અપનાવી સમાજના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમનું આયોજન પ્રા. અવનીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાના પ્રમુખ સંજયભાઈ મેહતા અને ટ્રસ્ટી સુકેતુભાઇ મેહતા દ્વારા આવા કાર્યક્રમો કરવા માટે અભિનંદન પાઠવ્યા હતાં.

# સરીગામ રોટરી કલબ ઓફ દ્વારા સાક્ષરતા શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : રોટરી કલબ ઓફ સરીગામ અને શ્રીમતી દેવકીબા કોલેજની NSS અને DLLE ટીમના સંયુક્ત ઉપક્રમે પ્રાથમિક શાળા ડુંગરી ફળિયા, અણગામ, પ્રાથમિક શાળા નવી નગરી, અણગામ અને પ્રાથમિક શાળા રાંધા ખાતે સાક્ષરતા શિબિરો સફળતાપૂર્વક યોજવામાં આવી હતી. આ શિબિર શિક્ષણનો પ્રકાશ ફેલાવવા અને યુવા મનને સશક્ત બનાવવા તરફ એક અર્થપૂર્ણ પગલું હતું. શિક્ષણ એ પ્રગતિશીલ સમાજનો પાયો છે, અને આ પહેલ દ્વારા, અમારો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, જિજ્ઞાસા અને શીખવાનો પ્રેમ પ્રેરિત કરવાનો હતો.

વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે સક્રિયપણે ભાગ લીધો અને સત્રોનો ખરેખર આનંદ માણ્યો, જેના કારણે શિબિર સફળ બની. સત્રો દરમિયાન, અમે બધા વિદ્યાર્થીઓને ચોકલેટ અને સ્ટેશનરી કીટનું વિતરણ કર્યું, તેમના ચહેરા પર સ્મિત લાવ્યું અને તેમને તેમની શીખવાની યાત્રા ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ ફતેહસિંહજી ચૌહાણ તથા આ શિબિરનું આયોજન કરવા માટે અમને મંજૂરી આપવા બદલ ડૉ. સીમા પિલ્લઈનો આભાર વ્યક્ત કરીએ છીએ સતપાલ સાહૂ અને પ્રથમેશ પાટીલ, સમર્પણ સાથે સફળતાપૂર્વક શિબિરનું સંચાલન કરવા બદલ.તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. આ કાર્યક્રમમાં રો.ડૉ. ભાવના પરમાર, માસ્ટર જયવિક પરમાર, રો.મૌલિક મોદી, રો.ડૉ. આશિષ આરેકરે તેમની મૂલ્યવાન હાજરી આપી હતી. રોટરી પ્રમુખ રો.ડો. જાન્હવી આરેકર નામાર્ગદર્શન અને સમર્થનથી આ પહેલ ખરેખર અસરકારક બની હતી.. સાથે મળીને, અમે યુવાન શીખનારાઓમાં જ્ઞાન, આત્મવિશ્વાસ અને આશાનું સંવર્ધન કરી રહ્યા છીએ. ચાલો આપણે સાક્ષર અને સશક્ત સમાજના નિર્માણ માટે સાથે મળીને કામ કરતા રહીએ.

# યુઆઈએની ચૂંટણીમાં ૩૪ ની ઉમેદવારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનમાં આજે ચૂંટણી અંતર્ગત ફોર્મ ભરવાની અંતિમ તારીખે કુલ ૩૪ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ જમા કરાવ્યા હતા. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ અને સિટિઝન ટીમ વચ્ચે ખરા કરી નો જંગ જામે એવા સમીકરણો જણાઈ રહ્યા છે.

૨૦૦૦ કરતા વધુ ઉદ્યોગો ધરાવતા ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં છેલ્લા ૫૦ વર્ષ કરતાં વધુ સમયથી યુ.આઈ. એ નેતૃત્વ પૂરું પાડી રહી છે. અનેક વિવાદો બાદ છેલ્લા એક દાયકાથી સંસ્થામાં સ્થિર શાસન સ્થપાયું છે. ગત બે ટર્મ માં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમને જવલંત વિજય મળ્યો હતો. ઔદ્યોગિક વિસ્તારના હિતમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ ના કાર્યકાળ દરમિયાન ઉમરગામને એક નવી ઓળખ મળી છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ના પ્રયાસો થકી ઉમરગામના લોકોને સુવિધા મળી રહે તે માટે હોસ્પિટલના નિર્માણ ની કામગીરી પણ થઈ રહી છે. આગામી બે વર્ષના કાર્યકાળમાં જીઆઈડીસી રહેઠાણ વિસ્તાર અને ઔદ્યોગિક વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ કેબલ, પ્લેગ્રાઉન્ડ ડેવલોપમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ, પાર્કિંગ પ્લોટ, વગેરે જેવી મહત્વની સુવિધાઓ બહાલ કરવાનો પડકાર નવી ટીમ સામે રહેશે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં આજે ફોર્મ ભરવાની અંતિમ તારીખે સાંજે પાંચ કલાકે ૩૪ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

૮ માર્ચ ન રોજ ફોર્મ ચકાસણી બાદ ફોર્મ પર ખેંચવાની તારીખ ૧૫ માર્ચ ની સાંજે ચિત્ર સ્પષ્ટ થશે. ચૂંટણીમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ અને સામે પક્ષે સિટિઝન ટીમ વચ્ચે મુકાબલો જામશે.

# ઉમરગામમાં જાહેરમાં ઠલવાતા ઘન કચરા અને કેમિકલ યુક્ત પ્રવાહી ચિંતાનો વિષય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા.૦૫ : ઉમરગામ તાલુકામાં ગ્રામીણ વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો કાર્યરત છે. ઉમરગામ અને સરીગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આશરે ૩૦૦૦ કરતા વધુ એકમો સ્થપાયા છે. જીઆઈડીસી નિગમ દ્વારા ઔદ્યોગિક વિસ્તારમાં ડમ્પીંગ સાઈડ, પાર્કિંગ પ્લોટ, સહિતની મહત્વની સુવિધાઓ બહાલ ન કરાતા ઉદ્યોગકારો સહિત ગ્રામીણ વિસ્તારના લોકો મુશ્કેલી વેઠી રહ્યાં છે. ગ્રામીણ વિસ્તારોમાં મુખ્યત્વે ખતલવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં ઘન કચરો તેમજ પ્રદુષિત પ્રવાહી વહેતું મૂકી પ્રદુષણ ફેલાવવાના અનેક બનાવો બન્યા છે. તાજેતરમાં કેમિકલ યુક્ત પ્રવાહી ઠાલવવા આવેલા ઈસમો સામે ગ્રામજનોએ જાગૃતતા દાખવી પોલીસ હવાલે કર્યા હતા . અગાઉ તુંબ ગ્રામ પંચાયત વિસ્તારની ખાડીમાં પ્રદુષિત પ્રવાહી વહેતો થતા હજારોની સંખ્યામાં માછલી અમૃત હાલતમાં મળી આવી હતી. ઉદ્યોગોના વિકાસ સાથે ઉદ્યોગકારોને ડમ્પિંગ સાઈટ, પાર્કિંગ પ્લોટ વગેરે જેવી મહત્વની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાય તે જરૂરી બને છે જેથી કરી તાલુકામાં જાહેર સ્થળો પર પ્રદુષણ ફેલાવતો અટકાવી શકાય છે.

# અન્ય સમાચારો

Friday 06, March 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 06, March 2026


## નફરતને પણ પક્ષ હોતો નથી

કોંગ્રેસના સિનિયર નેતા, દેશના અગ્રિમ પંક્તિના વકીલ કપિલ સિબ્બલની હેટ સ્પીચ અંગેની અરજી સાંભળવાનો સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. કોર્ટને લાગ્યું કે, આ યાચિકા ફક્ત ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે. કપિલ સિબ્બલનો ઈરાદો એવો છે કે, ભાજપના જ નેતા મુખ્યમંત્રીઓ હેટ સ્પીચ આપે છે, તેવું અવલોકન કોર્ટનું છે. હેટ સ્પીચ અલબત્ત, નવો મુદ્દો નથી. શેરીમાં યોજાતી ચૂંટણીસભાથી લઈ વિધાનગૃહ કે સંસદના સદન સુધી આ દૂષણ છે. દેશની જનતા જેમને અનુસરતી હોય, ચૂંટતી હોય તેવા લોકો જ્યારે સંયમ ગુમાવે ત્યારે તેની નોંધ લેવાય જ, પરંતુ આ મુદ્દે બધા પક્ષો સરખા છે કોણ, ક્યારે શું બોલે એ નક્કી હોતું નથી. નફરતી ભાષણોને નિયંત્રિત કરતી માર્ગદર્શિકાની જરૂર છે, પરંતુ તે સરળ નથી. પ્રશ્ન તો એ છે કે, જે લોકો દેશના એક ચોક્કસ વિસ્તાર, નિશ્ચિત સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે, નેતૃત્વ કરે છે તેમને વળી કોઈ નિયમ કે માર્ગદર્શિકાની જરૂર ખરી ? આ જવાબદાર નેતાઓને પણ એવું કહેવું પડે કે, તમારે શું બોલવું, શું ન બોલવું ? પહેલાં તો એ નક્કી કરવું પડે કે, જે વક્તવ્યોની વાત થાય છે તેને નફરત ફેલાવનારા કેવી રીતે ગણવા? ઘણીવાર કડવું સત્ય બયાન થાય તેને દ્વેષ ફેલાવનારું કહી દેવાય છે. ક્યારેક આવા ભડકામણા ભાષણોને અભિવ્યક્તિ સ્વતંત્રતાનું આવરણ પહેરાવવાનો પ્રયાસ થાય છે. જે નેતાઓ આવા ભાષણ આપે છે તેમાંથી બહુ ઓછા સામે પગલાં લેવાયાં હોવાના દૃષ્ટાંત જોવા મળ્યા છે. કાં તો તેમનો પક્ષ તરત તેના બચાવમાં આવી જાય છે કે પછી તે એવું કહી દે છે કે, આ તો એમનો અંગત અભિપ્રાય છે. તેની સાથે પક્ષને કોઈ નિસબત નથી. વારંવાર આવા બનાવ બનતા રહે છે. જો આવું નિવેદન જાહેર માધ્યમો પરથી થયું હોય તો લોકલાજે પણ પગલાં લેવા પડે. નૂપુર શર્માએ ટીવી ડિબેટમાં કરેલાં નિવેદન પછી તેઓ પદે દેખાતા બંધ થયા હતા. તામિલનાડુના મંત્રી ઉદય નિધિએ સનાતન ધર્મને ડેન્ગ્યુ-મેલેરિયા જેવો કહીને તે ખતમ કરવાની વાત કરી હતી, પરંતુ ત્યાંની રાજ્ય સરકારે તેમની વિરુદ્ધ કોઈ પગલાં ભર્યાં નહોતાં. આવાં ઝેરીલાં પ્રવચનો ઉપર નિયંત્રણ વિવિધ પક્ષોએ મૂકવા જોઈએ, કાયદાકીય રીતે પણ મુકાવા જોઈએ. ચૂંટણી સમયે આચારસંહિતા નામની એક ઔપચારિકતા હોય છે. ભડકામણા ભાષણ તો તે સિવાય પણ ચાલુ રહે છે. આ મુદ્દે સિબ્બલે સર્વોચ્ચ અદાલતના દ્વારે જઈને પોકાર તો કર્યો, પરંતુ તેઓએ ભાજપશાસિત રાજ્યોનો જ ઉલ્લેખ કર્યો. સર્વોચ્ચ અદાલતની વાત સાચી છે. આ સમસ્યા તો સર્વગ્રાહી છે, પક્ષીય નથી.

## બગસરા મોરારિબાપુની ૯૭૩મી રામકથા યોજાશે

### રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં જીવન કવનનું મહિમા ગાન બાપુ પ્રસ્તુત કરશે






**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**

**વાપી, તા. ૦૫ :** સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સાહિત્યકાર-સંશોધક ઝવેરચંદ મેઘાણીની પુણ્ય સ્મૃતિ રૂપે, એમનાં પૈતૃક વતન બગસરામાં પ્રખર રામકથાકાર પૂજ્ય મોરારીબાપુની ૯૭૩ મી રામકથા -માનસ મેઘાણી-નુ શનિવાર તા.૭-૩-૨૬ ની સંધ્યા ટાણે ચાર કલાકેથી શુભારંભ થશે.

મેઘાણીભાઈનું દેહાવસાન ૯ માર્ચ, ૧૯૪૬માં બોટાદ ખાતે થયેલું. એ રીતે એમની ૮૦મી પુણ્યતિથિનાં અનુસંધાને, સમગ્ર ગુજરાતનું સાહિત્ય વિશ્વ, માનસ મેઘાણી રામકથાનાં માધ્યમથી એક સમર્થ સાક્ષરનું પુણ્ય સ્મરણ કરશે. કથાગાન સ્થળ માટે ચોટીલા, બોટાદ, રાણપુર, પાળિયાદ, અમરેલી વગેરે નામો વિચારાધિન હતા પરંતુ આખરે મેઘાણીભાઈનાં માદરે વતન બગસરા પર વ્યાસપીઠે પસંદગી ઉતારી અને એ રીતે યોગ, લગન, ગ્રહ, વાર અને તિથિ અનુકૂળ થતાં બાપુના શ્રીમુખથી માનસ કથા સાથે મેઘાણી કથા આરંભાઈ રહી છે.

મૂળ બગસરાના જૈન વણિક પરિવારમાં, ૨૮ ઓગસ્ટ ૧૮૯૬માં ચોટીલા ખાતે જન્મેલા ઝવેરચંદના ફોજદાર પિતાની વારંવાર બદલી થતી હોવાથી તેમનું પ્રાથમિક શિક્ષણ ચોટીલા, દાઠા, પાળિયાદ, બગસરામાં થયું. ઝવેરચંદભાઈએ રાણપુરના સૌરાષ્ટ્ર અખબારમાં કોલમ લખવાનું શરૂ કર્યું અને ૧૯૩૫ સુધીઁ સૌરાષ્ટ્રઁના તંત્રીપદે રહ્યા. આઝાદીના જંગમાં સિંધુડો એ પ્રાણ પૂર્યા, પરિણામે બ્રિટિશ રાજમાં બે વર્ષ જેલવાસ વેઠ્યો. ૧૯૩૦ માં ઝેરનો કટોરો કાવ્યે ગાંધીજી દ્વારા એમને રાષ્ટ્રીય શાયરઁનું બિરુદ મળ્યું.

૧૯૩૪માં મુંબઈમાં સ્થાયી થયા. જન્મભૂમિમાં કલમ અને કિતાબ કોલમ તેમ જ નવલકથાઓ લખવાની શરૂઆત કરી. ૧૯૩૬થી ૧૯૪૫ સુધી ફૂલછાબના સંપાદક તંત્રી તરીકે ભૂમિકા નિભાવી અને પત્રકારત્વનાં ક્ષેત્રે નવી ભાત પાડી. આવાં અનોખાં વ્યક્તિત્વના સ્વામી, સમર્થ સાહિત્યકાર-વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, કવિ, અનુવાદક, સંશોધક, પત્રકાર, એમ સાહિત્યની વિધવિધ વિધાઓના જ્ઞાતા, મહામાનવ ઝવેરચંદભાઈ મેઘાણીને તેમની એંસીમી પુણ્યતિથિ નિમિત્તે પૂ.મોરારીબાપુ માનસનાં માધ્યમથી શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ બગસરામાં નવ દિવસ નિવાસ કરી અર્પણ કરશે.

## ખામેનેઈના મોત પર ભારતે પહેલીવાર શોક વ્યક્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

તહેરાન, તા.૫ : ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર ખામેનેઈના નિધન પર ભારતે શોક વ્યક્ત કર્યો હતો. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઈરાની દૂતાવાસમાં શોક પુસ્તિકા પર કર્યા હસ્તાક્ષર પણ કર્યા હતા. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગુરુવારે નવી દિલ્હીમાં ઈરાની દૂતાવાસ પહોંચીને શોક પુસ્તિકા પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત સરકાર વતી તેમણે તાજેતરની ઘટનાઓ પર ઈરાન પ્રત્યે સંવેદના અને એકજૂથતા વ્યક્ત કરી હતી. ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના નિધન પર ભારત સરકારે સત્તાવાર રીતે દુઃખ પ્રકટ કર્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ૮૬ વર્ષીય અલી ખામેનેઈનું મોત નીપજ્યું હતું. અયાતુલ્લા અલી ખામેનેઈ ૧૯૮૯થી ઈરાન પર શાસન કરી રહ્યા હતા અને તેઓ ઈરાન ઈસ્લામી ગણરાજ્યના સર્વોચ્ચ નેતા હતા.

### મિડલ ઈસ્ટ સંઘર્ષ અંગે મોદીની શાંતિ અને સંવાદની અપીલ

## યુદ્ધથી ઉકેલ નહીં આવે : મોદી

### નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર સ્ટબ વચ્ચે બેઠક યોજાઈ : વેપાર, ટેકનોલોજી અને વૈશ્વિક સહકાર અંગે ચર્ચા કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ Alexander Stubb વચ્ચે નવી દિલ્હીમાં સ્થિત હૈદરાબાદ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સહકાર વધારવા માટે અનેક મહત્વપૂર્ણ સમજુતી કરારોનું આપલે કરવામાં આવ્યું હતું. બેઠક પૂર્ણ થયા બાદ બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં વિશ્વ પરિસ્થિતિ, દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક સહકાર અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સંયુક્ત સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આજની દુનિયા અસ્થીરતા અને અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહી છે. તેમણે જણાવ્યું કે યુક્રેનથી લઈને પશ્ચિમ એશિયા સુધી વિશ્વના ઘણા વિસ્તારોમાં સંઘર્ષ ચાલુ છે. આવા વૈશ્વિક પરિસ્થિતિમાં ભારત અને યુરોપ જેવી બે મહત્વપૂર્ણ રાજનૈતિક શક્તિઓ વચ્ચે વધતું સહકાર વિશ્વમાં સ્થિરતા, વિકાસ અને સહભાગી સમૃદ્ધિને નવી દિશા આપી શકે છે. તો સાથે સાથે મિડલ ઈસ્ટ યુદ્ધ પર વડાપ્રધાન મોદીએ શાંતિ અને સંવાદની અપીલ કરી હતી અને કહ્યું હતું કે, યુદ્ધથી ઉકેલ નહીં આવે.

વડાપ્રધાને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારાને અતિ આવશ્યક ગણાવ્યા હતા અને આતંકવાદના દરેક સ્વરૂપને જડમૂળથી ઉખેડી ફેંકવાની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. ભારત અને ફિનલેન્ડ વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની વાત કરતા તેમણે કહ્યું કે, આ ભાગીદારી AIથી લઈને 6G ટેલિકોમ અને ક્લીન એનર્જીથી લઈને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સુધીના હાઈટેક ક્ષેત્રોમાં સહયોગને નવી ગતિ આપશે. વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું કે વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર ભારત અને ફિનલેન્ડ વચ્ચે વેપાર, રોકાણ અને ટેકનોલોજી સહકારને વધુ મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે ડિજિટલ ટેકનોલોજી, આધુનિક ઢાંચાગત વિકાસ અને ટકાઉ વિકાસ જેવા ક્ષેત્રોમાં બંને દેશો મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યા છે.

બેઠક દરમિયાન બંને દેશોએ નવી ટેકનોલોજી, નવીનતા, સ્વચ્છ ઊર્જા, સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા પર પણ ચર્ચા કરી હતી. બંને નેતાઓએ વિશ્વમાં વધી રહેલા ભૂરાજકીય પડકારો વચ્ચે સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર સ્ટબએ પોતાના સંબોધનમાં ભારતની પ્રશંસા કરતાં જણાવ્યું કે ભારત વિશ્વના સૌથી મોટા અને પ્રભાવશાળી દેશોમાંનું એક છે. તેમણે કહ્યું કે ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી દેશ છે અને યુરોપ માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર બની ગયું છે. તેમણે ઉમેર્યું કે ભારતની વિદેશ નીતિ, સુરક્ષા નીતિ અને વેપાર નીતિ વૈશ્વિક સ્તરે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

રાષ્ટ્રપતિ સ્ટબએ વધુમાં જણાવ્યું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે અને તેનો વિકાસ દરેક ક્ષેત્રમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. તેમણે જણાવ્યું કે ભારતની વિદેશ નીતિનો સૌથી પ્રશંસનીય પાસો એ છે કે ભારત હંમેશા વ્યવહારુ અને વાસ્તવવાદી દૃષ્ટિકોણ અપનાવે છે. ભારતે વિશ્વને બતાવ્યું છે કે વ્યૂહાત્મક સતર્કતા અને સ્વાયત્તતા જાળવવી કેટલી મહત્વપૂર્ણ છે, સાથે સાથે બહુપક્ષીય સહકાર અને વૈશ્વિક ભાગીદારીને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું કે આજના સમયમાં વિશ્વના ઘણા દેશોએ ભારતની નીતિઓમાંથી શીખવાની જરૂર છે. તેમના જણાવ્યા મુજબ ભારતે વૈશ્વિક રાજનૈતિક પરિસ્થિતિમાં સંતુલિત અને વ્યૂહાત્મક અભિગમ અપનાવીને વિશ્વમાં મહત્વપૂર્ણ સ્થાન બનાવ્યું છે. ભારત અને ફિનલેન્ડ વચ્ચે વધતો સહકાર બંને દેશો માટે નવી તકો ઉભી કરી રહ્યો છે. ટેકનોલોજી, નવોચાર, વેપાર અને વૈશ્વિક રાજનૈતિક સહકારના ક્ષેત્રોમાં આ ભાગીદારી આગામી વર્ષોમાં વધુ મજબૂત બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## કાશ્મીરમાં ૭મી સુધી શાળા-કોલેજો બંધ: સુરક્ષા દળો હાઈ એલર્ટ પર

(સંપૂર્ણ સમાચાર સેવા)

શ્રીનગર, તા.૫

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ કાશ્મીરમાં ફાટી નીકળેલા વિરોધપ્રદર્શનોને ધ્યાનમાં રાખીને રાજ્યના વહીવટીતંત્રે મોટો નિર્ણય લીધો છે. સમગ્ર કાશ્મીર ખીણમાં ૭ માર્ચ સુધી તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. કાશ્મીરના શિયા બહુલ વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે ભારે દેખાવોના કારણે સ્થિતિ તણાવપૂર્ણ બની છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રહેવા આદેશ આપ્યો છે. તેમણે નાગરિકો અને સામુદાયિક નેતાઓને શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. બીજી તરફ, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આ હુમલાની આકરી ટીકા કરી છે. તેમણે અમેરિકા અને ઈઝરાયેલની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, કોઈ પણ આંતરરાષ્ટ્રીય કાયદો વિદેશી સૈન્ય આક્રમણ કે કોઈ રાષ્ટ્રના નેતાની હત્યાને ન્યાયી ઠેરવતો નથી. તેમણે લોકોને શાંતિપૂર્ણ રીતે પોતાનો શોક વ્યક્ત કરવા વિનંતી કરી છે. સાવચેતીના ભાગરૂપે સુરક્ષા દળોના કાફલાની અવરજવર પર પણ હાલ રોક લગાવી દેવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ ઈસ્લામિક સહયોગ સંગઠન(ઓઈસી) પર આકરા પ્રહારો કર્યા છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરાઈ રહેલા હુમલાઓ અંગે ઓઆઈસીના મૌનને તેમણે મુસ્લિમ જગત સાથેનો મોટો વિશ્વાસઘાત ગણાવ્યો છે. મુફ્તીએ કહ્યું કે, જ્યારે ઈરાનની સંપ્રભુતા પર હુમલો થઈ રહ્યો છે, ત્યારે ઓઆઈસી મૂક છે. ઈરાન પ્રત્યે સંગઠનનું વલણ શરમજનક છે અને તે પરોક્ષ રીતે હુમલાખોરોને સમર્થન આપવા જેવું છે. તેમના મતે, આ મૌન મુસ્લિમ સમુદાયના હિતો વિરુદ્ધ છે.

## ભારતીય ધ્વજ ધરાવતાં ૩૭ જહાજો, ૧૧૦૯ ખલાસીઓ અટવાયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધને પગલે ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી દેતાં ઈરાન, ઓમાન તથા તેને સંલગ્ન આસપાસના અન્ય દરિયાઈ વિસ્તારોમાં ભારતીય ધ્વજ ધરાવતાં ૩૭ જહાજો અને ૧,૧૦૯થી વધુ ખલાસીઓ મધદરિયે અટવાઈ પડ્યાં છે. મધદરિયે અટવાઈ પડેલાં આ જહાજો પેકીના કેટલાંક ક્રૂડ ઓઈલ તથા એલએનજી લઈ ભારતના બંદરો તરફ આવી રહ્યાં છે. જ્યારે અન્ય જહાજો અખાતી દેશોમાંથી અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનો લઈ ભારત આવી રહ્યાં છે. આ અંગે માહિતી આપતાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ તમામ શિપિંગ કંપનીઓના સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હાલમાં ચાલી રહેલી લડાઈમાં અત્યાર સુધીમાં વિદેશી જહાજમાં કામ કરતાં ત્રણ ભારતીયોના મોત નિપજ્યાં છે. શિપિંગ ક્ષેત્ર સંકળાયેલ વિવિધ વિભાગો વચ્ચે ત્વરીત સંકલન માટે શિપિંગ મંત્રાલય દ્વારા ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરાઈ છે. જેથી કટોકટીની કોઈ પણ સ્થિતિમાં ત્વરિત નિર્ણય લઈ શકાય તથા ભારતીય નાવિકો તથા તેમના પરિવારજનોને તાત્કાલિક સહાય ઉપલબ્ધ બનાવી શકાય.

### ૧૦૦૦ કિમી દૂર દુશ્મનના કાળજું ચીરી નાખશે ‘શેષનાગ’

## ભારતે દુનિયાનું સૌથી આત્મઘાતી ડ્રોન બનાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫ : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે, ભારતે પણ આધુનિક ડ્રોન યુદ્ધના મેદાનમાં પોતાની સૌથી ઘાતક ચાલ ચાલી છે. બેંગલુરુના ડિફેન્સ સ્ટાર્ટઅપ ન્યૂસ્પેસ રિસર્ચ ટેકનોલોજીસ (NRT)એ ‘શેષનાગ-૧૫૦’ ડ્રોન વિકસાવ્યું છે, જે દુશ્મનના એર ડિફેન્સને પળવારમાં ભંગાર બનાવી શકે છે. આ માત્ર એક મશીન નથી, પરંતુ ભારતનું એવું સ્વદેશી સુદર્શન ચક્ર છે જે ૧૦૦૦ કિમીની રેન્જમાં સચોટ હુમલો કરવા સક્ષમ છે. આ ડ્રોન સતત ૫ કલાક સુધી ઉડી શકે છે અને ૪૦ કિલોગ્રામ વિસ્ફોટકો લઈ જઈ શકે છે. તેનો સૌથી મહત્વપૂર્ણ ફાયદો એ છે કે તે GPS વિના પણ વિઝ્યુઅલ નેવિગેશનનો ઉપયોગ કરીને દુશ્મન બંકરો અને લશ્કરી થાણાઓનો નાશ કરી શકે છે.

શેષનાગ-૧૫૦ ની અસલી તાકાત તેની ‘સ્વાર્મ એટેક’ ટેકનોલોજી છે, જેમાં ઘણા ડ્રોન એકસાથે ઝુંડમાં હુમલો કરે છે. જ્યારે આ ડ્રોન એકસાથે નીકળે છે, ત્યારે દુશ્મનની મોંઘામાં મોંઘી ડિફેન્સ સિસ્ટમ પણ મૂંઝવણમાં મુકાઈ જાય છે અને તેમને રોકવા અશક્ય બની જાય છે.

તેમાં ખાસ ‘મધર કોડ’ એલ્ગોરિધમ એન્જિનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને અત્યંત બુદ્ધિશાળી અને નેટવર્ક સક્ષમ બનાવે છે. આ સિસ્ટમ લઘુત્તમ માનવીય હસ્તક્ષેપ સાથે ટાર્ગેટને ઓળખવા અને તેને ખતમ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. ઈરાનના શાહેદ ડ્રોનની જેમ જ તેને ઘણું કિફાયતી (સસ્તું) રાખવામાં આવ્યું છે જેથી ઓછા ખર્ચે દુશ્મનના મોટા અને મોંઘા લક્ષ્યોને સરળતાથી નિશાન બનાવી શકાય.

દુનિયાભરમાં અત્યારે ઈરાની શાહેદ અને અમેરિકી લ્યુકસ ડ્રોનની ચર્ચા થઈ રહી છે, પરંતુ ભારતનું શેષનાગ-૧૫૦ પોતાની અલગ ઓળખ ધરાવે છે. અમેરિકન લ્યુકસ ડ્રોન સ્ટારલિંક સેટેલાઇટ પર નિર્ભર છે, જ્યારે ભારતનું શેષનાગ વિઝ્યુઅલ નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરશે, જેના કારણે તેને જામ કરવું અશક્ય હશે.

## નીતિશ કુમારે રાજયસભા માટે નોંધાવી ઉમેદવારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫ : બિહારના ૧૦ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતિશ કુમારે ગુરુવારે (૫ માર્ચ) ૨૦૨૬ની રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. આ સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને NDAના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ, નીતિશ કુમારે ૨૭ ફેબ્રુઆરીએ દસમી વખત શપથ લીધા હતા. રાજ્યસભા માટે ચૂંટણી લડવાના તેમના નિર્ણયથી બધાને આશ્ચર્ય થયું.નીતિશ કુમાર ૨૦૦૫થી બિહારના મુખ્યમંત્રી છે. અગાઉ, નીતિશ કુમારે જણાવ્યું હતું કે, નવા મુખ્યમંત્રી અને રાજ્યની નવી સરકારને તેમનો સંપૂર્ણ ટેકો અને માર્ગદર્શન મળશે. તેમણે કહ્યું, "બે દાયકાથી વધુ સમયથી, તમે સતત મારામાં તમારો વિશ્વાસ અને ટેકો આપ્યો છે. તે વિશ્વાસના બળથી જ અમે બિહાર અને તમારા બધાની સંપૂર્ણ વફાદારીથી સેવા કરી છે. તમારા વિશ્વાસ અને સમર્થનને કારણે જ બિહાર આજે વિકાસ અને ગૌરવની નવી ઓળખ રજૂ કરી રહ્યું છે."રાજ્યના લોકોનો આભાર વ્યક્ત કરતા નીતિશ કુમારે કહ્યું કે તેમની સંસદીય કારકિર્દીની શરૂઆતથી જ, તેઓ બિહાર વિધાનસભાના બંને ગૃહો અને સંસદના બંને ગૃહોના સભ્ય બનવાની ઈચ્છા રાખતા હતા.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કહ્યું, "આ મહત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખીને, હું આ ચૂંટણીમાં રાજ્યસભાનો સભ્ય બનવા માંગુ છું." તેમણે ઉમેર્યું, "હું તમને સંપૂર્ણ નિષ્ઠા સાથે ખાતરી આપવા માંગુ છું કે ભવિષ્યમાં તમારી સાથે મારો સંબંધ ચાલુ રહેશે અને વિકસિત બિહાર બનાવવા માટે સાથે મળીને કામ કરવાનો મારો સંકલ્પ અટલ રહેશે.

## અમેરિકન સેનેટે ઈરાન યુદ્ધ રોકવાનો પ્રસ્તાવ નકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન ડીસી, તા.૫

અમેરિકન સેનેટે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન પર સૈન્ય હુમલા ચાલુ રાખવાના અધિકારને મર્યાદીત કરવાના હેતુથી લાવવામાં આવેલા પ્રસ્તાવને નકાર્યો હતો. ગૃહમાં રિપબ્લિકન પાર્ટી પાસે ૫૩-૪૭ની બહુમત અને ઈઝરાયલ સાથે મળી ઈરાન પર હુમલો કરવાના રાષ્ટ્રપ્રમુખના નિર્ણયને મોટા પાયે સમર્થન મળવાથી પ્રસ્તાવ મોટા અંતરથી પાસ થઈ શક્યો નહોતો.મતદાન પહેલા સેનેટમાં માહોલ ઘણો ગંભીર હતો. અનેક ડેમોક્રેટિક સાંસદ તેમની સીટ પર બેસી રહ્યા હતા અને સમગ્ર સમય વાતચીત કરતા હતા. સેનેટમાં ડેમોક્રેટિક નેતા ચક શૂમરે કહ્યું કે, આ વોટ સાંસદ અમેરિકાની જનતા સાથે છે કે ટ્રમ્પ પ્રશાસન સાથે તે નક્કી કર્યું છે. તેમના મુજબ, અમેરિકાના લોકો મિડલ ઈસ્ટમાં લાંબા યુદ્ધથી થાકી ચુક્યા છે અને હવે વધુ એક યુદ્ધ ઈચ્છતા નથી.રિપબ્લિક નેતા જોન બરાસોએ કહ્યું, ડેમોક્રેટ્સ ટ્રમ્પનો વિરોધ કરવામાં વધારે રસ દાખવી રહ્યા છે. જ્યારે અસલી મુદ્દો ઈરાનના પરમાણુ કાર્યક્રમને ખતમ કરવાનો છે. તેમના મુજબ, અમેરિકાએ ઈરાનના વધતા ખતરાનો સામનો કરવો જ પડશે અને આ સમયે સરકારનો સાથ દેવો જરૂરી છે. શનિવારે ઈરાન પર અચાનક હુમલા બાદ ટ્રમ્પ સરકાર કોંગ્રેસનું સમર્થન મેળવવાની કોશિશ કરી રહી છે. આ સપ્તાહે અનેક અધિકારી સાંસદો સાથે સતત મુલાકાત કરી રહ્યા છે અને તેમને સ્થિતિ નિયંત્રણમાં હોવાનો ભરોસો આપી રહ્યા છે. અમેરિકાના રક્ષા પ્રધાન પીટ હેગસેથે કહ્યું કે, આ યુદ્ધ આશરે ૮ અઠવાડિયા ચાલી શકે છે. અમેરિકાના હવાઈ નિયંત્રણ છતાં ઈરાન હજુ પણ મિસાઈલ હુમલો કરવા સક્ષમ છે. આ દરમિયાન ટ્રમ્પે કહ્યું કે, ઈરાન સામે યુદ્ધમાં અમેરિકા અને ઈઝરાયલ મજબૂત સ્થિતિમાં છે. તેમણે ઈરાન સામે આગળ વધતા રહેવાનો સંકલ્પ લીધો હતો. તેહારનમાં બેલિસ્ટિક મિસાઈલનો ભંડાર ઝડપથી નાશ કરવામાં આવી રહ્યો છે. યુદ્ધમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યા છીએ.

## અમેરિકાએ ઈરાનનું યુદ્ધ જહાજ ડુબાડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫ : ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ વધુ વિનાશક બન્યો છે. યુદ્ધના છઠ્ઠા દિવસે એક એવી ઘટના સામે આવી જેણે ભારતના આસપાસના વિસ્તારમાં પણ તણાવ વધારી દીધો છે. અમેરિકાની એક સબમરીને ઈરાનના યુદ્ધ જહાજ IRIS Denaને ટોર્પિડોથી નિશાન બનાવીને ડૂબાડી દીધું છે. આ હુમલો શ્રીલંકાના દક્ષિણ કિનારાની પાસે આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં થયો. આ ઘટનામાં ઓછામાં ઓછા ૮૭ ઈરાની સૈનિકોના મોત થઈ ગયા, જ્યારે ઘણાં ઘાયલ હોવાનું જણાવાઈ રહ્યું છે. અમેરિકાના રક્ષા મંત્રી પીટ હેગસેથે આ હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે, અમેરિકન સબમરીને ઈરાની યુદ્ધ જહાજ પર ટોર્પિડો છોડી જહાજને ડૂબાડી દીધું. તેઓએ આને એક શાંત પરંતુ નિર્ણાયક હુમલો ગણાવ્યો. અમેરિકન રક્ષા વિભાગ અનુસાર આ કાર્યવાહીમાં માર્ક-૪૮ પ્રકારના હેવી ટોર્પિડોનો ઉપયોગ કરવામાં આવ્યો. નિષ્ણાતોનું કહેવું છે કે, આ ઘટના એટલા માટે મહત્વપૂર્ણ છે, કેમ કે દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ પહેલીવાર કોઈ અમેરિકન સબમરીને ટોર્પિડોથી દુશ્મન જહાજને ડૂબાડ્યું છે.શ્રીલંકાના અધિકારીઓને સવારે લગભગ ૫ વાગ્યે જહાજમાંથી સંકટ સંદેશ મળ્યો હતો. ત્યારબાદ શ્રીલંકાની નૌસેનાએ તરત જ બચાવ અભિયાન શરૂ કર્યું. શ્રીલંકાના વિદેશ મંત્રીએ જણાવ્યું કે જહાજમાંથી વિસ્ફોટની માહિતી મળી હતી. આંતરરાષ્ટ્રીય સમુદ્રી નિયમો મુજબ, શ્રીલંકાને બચાવ અભિયાન ચલાવવું પડ્યું કારણ કે આ વિસ્તાર તેના શોધ અને બચાવ ક્ષેત્રમાં આવે છે.

## અમેરિકાએ પછતાવું પડશે:ઈરાનના વિદેશ મંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા) તહેરાન, તા.૫ : અમેરિકન પરમાણુ સબમરીનના હુમલામાં ઈરાન યુદ્ધ જહાજ IRIS Denaને હિંદ મહાસાગરમાં ડુબાડી દેવાની ઘટનાને લઈને ઈરાનના વિદેશ મંત્રીએ આકરી પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ ગુરુવારે ચેતવણી આપી કે ઈરાનના યુદ્ધ જહાજ હુમલા માટે અમેરિકાએ પછતાવું પડશે. ઈરાનના વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં લખતા કહ્યું કે, "અમેરિકાએ ઈરાનના કિનારાથી ૨,૦૦૦ માઈલ દૂર સમુદ્રમાં એક જઘન્ય અપરાધ કર્યો છે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાગચીએ કહ્યું કે, ભારતીય નૌકાદળના મહેમાન તરીકે આવેલું IRIS Dena લગભગ ૧૩૦ નાવિકોને લઈને જઈ રહ્યું હતું. ફ્રિગેટ ડેના પર આંતરરાષ્ટ્રીય જળવિસ્તારમાં કોઈ ચેતવણી વિના હુમલો કરવામાં આવ્યો હતો."

ઈરાની વિદેશ મંત્રીએ ચેતવણી આપતા કહ્યું કે, "અમેરિકાને આ પ્રકારનો દાખલો બેસાડવા માટે પછતાવું પડશે", અને અમેરિકા પર ઈરાનની ધરતીથી દૂર કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના વગર હુમલો કરવાનો આરોપ લગાવ્યો. અમેરિકન સબમરીને હિન્દ મહાસાગરમાં એક ટૉર્પીડો હુમલામાં ઈરાની યુદ્ધ જહાજને ડૂબાડી દીધું હતું. શ્રીલંકાના દક્ષિણ કિનારા પાસે આંતરરાષ્ટ્રીય જળસીમામાં આ ઘટના ઘટી હતી.નોંધનીય છે કે, બીજા વિશ્વયુદ્ધ પછી ટૉર્પીડો દ્વારા કોઈ દુશ્મનના જહાજને ડૂબાડવાની આ પહેલી ઘટના હતી. યુદ્ધ જહાજ ભારતમાં સંયુક્ત નૌસેના અભ્યાસમાંથી પરત ફરી રહ્યું હતું. ફ્રિગેટ કેટેગરીનું આ યુદ્ધ જહાજ આઈરિસ ડેના ૧૮થી ૨૫ ફેબ્રુઆરી સુધી બંગાળની ખાડીમાં યોજાયેલા મિલાન ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યૂમાં ભાગ લઈને પરત ફરી રહ્યું હતું. આ જહાજ આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમથી પોતાના દેશ પરત ફરી રહ્યું હતું અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં તેના પર હુમલો કરવામાં આવ્યો હતો.

## ડિમોના પરમાણુ પ્લાન્ટ અને ઊર્જા મથકો પર હુમલો કરીશું : ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

તહેરાન, તા.૫

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે વિનાશક વળાંક પર પહોંચી ગયો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો તણાવ અત્યારે ચરમસીમાએ છે. ઈરાનની અર્ધ-સરકારી સમાચાર એજન્સી ISNAના અહેવાલ મુજબ, જો અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને નેતન્યાહૂ ઈરાનમાં સત્તા પરિવર્તન એટલે કે ‘રેઝિમ ચેન્જ’ કરવાની વ્યૂહનીતિ પર આગળ વધશે, તો ઈરાન વળતા પ્રહારમાં ઈઝરાયલના ‘ડિમોના’ પરમાણુ મથકને નિશાન બનાવશે. આ ધમકીએ વૈશ્વિક સ્તરે ફફડાટ ફેલાવી દીધો છે.આ ગંભીર ધમકી એવા સમયે આવી છે જ્યારે અમેરિકન પ્રમુખ અને નેતન્યાહૂએ સ્પષ્ટ કર્યું છે કે આ સૈન્ય ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાની જનતા માટે વર્તમાન શાસનને બદલવાની તક ઊભી કરવાનો છે. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ આ વખતે પીછેહઠ કરવાના મૂડમાં નથી. તેમણે મક્કમ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી ઈરાનમાં સત્તા પલટો ન થાય ત્યાં સુધી આ જંગ ચાલુ રાખવામાં આવશે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધની શરૂઆત કરતા ટ્રમ્પે ઈરાની જનતાને આહવાન કર્યું હતું કે, ‘આ પેઢીઓ પછી મળેલી એકમાત્ર તક છે, હુમલા અટક્યા બાદ પોતાની સરકાર પર કબજો મેળવી લો.’બીજી તરફ, ઈરાનનું શાસન હાલમાં અત્યંત મુશ્કેલ સ્થિતિમાં મુકાયું છે. ઈઝરાયલ અને અમેરિકાના સચોટ હુમલાઓએ ઈરાનના ટોચના સૈન્ય નેતાઓથી લઈને મધ્યમ સ્તરના કમાન્ડરો અને કમાન્ડ સેન્ટરોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી ભલે આને માત્ર સત્તા પરિવર્તનનું યુદ્ધ ન ગણાવતા હોય, પણ ગ્રાઉન્ડ રિપોર્ટ કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. ‘બેલિંગકેટ’ના સેટેલાઈટ ઈમેજ વિશ્લેષણમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, એકલા તેહરાનમાં જ ઓછામાં ઓછા ૧૫ પોલીસ સ્ટેશનોને તોડી પાડવામાં આવ્યા છે. આ પાછળની ખાસ વ્યૂહનીતિ એ છે કે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ અને સ્થાનિક પોલીસની શક્તિને એટલી નબળી પાડી દેવી કે તેઓ સામાન્ય જનતાના સંભવિત વિરોધ પ્રદર્શનોને દબાવી ન શકે. વોશિંગ્ટન અને જેરુસલેમે હવે ઈરાનના શાસનને પાયામાંથી હલાવી દેવા માટેની પૂરી તૈયારી કરી લીધી છે.ઈરાનના વરિષ્ઠ લશ્કરી અધિકારીએ ખુલ્લી ચેતવણી આપી છે કે તેમનું નિશાન ઈઝરાયલનું મુખ્ય પરમાણુ સંશોધન કેન્દ્ર ‘ડિમોના’ છે. એટલું જ નહીં, જો સત્તા પરિવર્તનનો પ્રયાસ અટકાવવામાં નહીં આવે, તો ઈરાન પોતાની ઘાતક મિસાઈલો દ્વારા સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાયેલા તમામ ઊર્જા માળખાને પણ ધ્વસ્ત કરી દેશે.

# અન્ય સમાચારો

# વાપીમાં જૈનાચાર્ય પદ્મદર્શન સૂરિજીની પધરામણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૫ :** નહેરુ સ્ટ્રીટ શ્રી અજીતનાથ જિનાલયની બાજુમાં આવેલા શ્રી લબ્ધિસૂરિજી જ્ઞાન મંદિરના ઉપાશ્રયમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પધરામણી થઈ હતી. ઝંડાચોકથી અજીતનાથ મંદિર સુધી ઢોલનગારા સાથે પૂજ્યોનું સામૈયું થયું હતું. આ પાવન અવસરે ધર્મસભાનું આયોજન થયું હતું. ધર્મસભામાં મોટી સંખ્યામાં ભાવુકો હાજર રહ્યા હતા. પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે, અહિંસા, સંયમ અને તપનો ત્રિવેણી સંગમ રચાય ત્યારે ધર્મનો સિમ્બોલ લાગે છે. દેવો પણ તેને જ નમસ્કાર કરે છે કે જેની ભીતરમાં આ ત્રિવેણી સંગમ રચાય છે. ધર્મ, અહિંસા, સંયમ અને તપની સાથે જોડાયેલો હોવો જોઈએ. જ્યાં સુધી હૈયામાં કરુણાનું સરોવર છલકાતું નથી ત્યાં સુધી આપણામાં ધર્મ આવ્યો છે એવું છાતી ઠોકીને કહી ન શકાય. દીન-દુઃખીયા પ્રત્યે હમદર્દી હોવી જોઈએ. હિંસાનો હુતાશન સળગતો રહેશે ત્યાં સુધી વિશ્વમાં મૈત્રી, પ્રેમ, એખલાસ અને શાંતિનું વાતાવરણ પ્રસ્થાપિત નહીં થાય.

મોટાઈ પ્રાપ્ત કરવા માટે હિંસા એ કોઈ માર્ગ નથી. અત્યારે વિશ્વમાં જે યુદ્ધો ચાલી રહ્યા છે તે માત્ર સત્તા અને સંપત્તિના છે. જગતનાં જમાદાર થઈને ફરવા માટેનાં યુદ્ધ છે. કોઈકને ફ્રુડ અને તેલનાં કુવા દેખાઈ રહ્યા છે. મારા કરતાં કોઈ આગળ ન જવું જોઈએ એવી મલિન વૃત્તિનાં આ યુદ્ધ છે. કોઈકને ખનીજ સંપત્તિ જોઈને કેટલાક કૂદી પડ્યા છે. અહંકાર અને ઈર્ષ્યાની આ લડાઈએ સમગ્ર વિશ્વનાં અર્થતંત્રને તોડી નાંખ્યું છે. હિંસાથી કોઈ પણ સમસ્યાનો કોઈ ઉકેલ આવવાનો નથી. સમજદારીનાં સ્ટેજ ઉપર આવશો તો જ નિરાકરણ આવશે. વૈર અને વૈમનસ્યનો ત્યાગ કર્યા વિના કોઈપણ પ્રશ્નનું સમાધાન મળવાનું નથી. સમાધાન કરશો તો જ શાંતિ અને સમાધિ મળશે.

**નામ બદલ્યું છે**

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **માંગીલાલ જવેરચંદજી રાઠોડ** હતું જે બદલીને મારૂ નવું નામ **માંગીલાલ જેવેરચંદજી જૈન** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **માંગીલાલ જેવેરચંદજી જૈન**
સરનામું : ૩૦૩, કિશન કો. ઓપ. હાઉસિંગ સોસાયટી, દેસાઈવાડ, હનુમાન મંદિર પાસે, વાપી, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૧

# ગણદેવીની અંબિકા હાઈ. ગડતમાં 'બાળરંગ શિક્ષણવાટીકા'નું લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૫ :** ગણદેવીના ગડત ખાતે અંબિકા ગ્રામ કેળવણી મંડળ સંચાલિત ધી અંબિકા હાઈસ્કૂલના પરિસરમાં પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકો માટે આધુનિક બાળરંગ શિક્ષણવાટીકાનો અર્પણવિધિ કાર્યક્રમ યોજાયો હતો. બાળકોની રુચિ મુજબ તૈયાર કરાયેલી આ શિક્ષણવાટીકાનું ઉદ્ઘાટન દાતાશ્રીઓ પ્રકાશભાઈ નાયક, શૌનકકુમાર દેસાઈ, અનિલભાઈ પટેલ, ઠાકોરભાઈ પટેલ અને જયંતીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાઓ અને મહેમાનોએ રીબન કાપી બાળકો માટે આ નૂતન સુવિધા ખુલ્લી મૂકી હતી.?આ અવસરે રોટરી ક્લબ ઓફ ગણદેવીના પ્રમુખ શૈલેષભાઈ વશી, મંત્રી પારુલબેન નાયક સહિત મંડળના પ્રમુખ અમ્રતભાઈ નાયક, મંત્રી પરિમલભાઈ નાયક, ખજાનચી નિલેશભાઈ નાયક અને ઈ. આચાર્યા સેફાલીબેન નાયક ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર અને ટ્રસ્ટી મંડળે મહેમાનોનું સ્વાગત કર્યું હતું, જ્યારે મહાનુભાવોએ આ નૂતન પહેલને બિરદાવી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધરમપુરની મંજુલાબેન વી. પટેલ પી.ટી.સી. કોલેજમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** ધરમપુર સ્થિત શ્રીમતી મંજુલાબેન વી. પટેલ પી.ટી.સી. કોલેજમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' નિમિત્તે ઉત્સાહભેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. ધર્મિષ્ઠાબેન બી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ભારતના મહાન વૈજ્ઞાનિક સર સી.વી. રામન દ્વારા શોધાયેલા 'રામન ઈફેક્ટ'ની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવવામાં આવે છે. તે જ ભાવનાને ધ્યાનમાં રાખીને કોલેજમાં પણ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને જિજ્ઞાસા વિકસે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય ડો. ધર્મિષ્ઠાબેન બી. પટેલ તથા ડો. કીર્તિબેન જી. ગરાસિયા દ્વારા તાલીમાર્થીઓને વિજ્ઞાનનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. તેમણે ભવિષ્યના શિક્ષકો તરીકે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો અને શિક્ષણ ક્ષેત્રમાં નવીન વિચારસરણી અપનાવવા પ્રેરણા આપી હતી.




કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના અન્ય સ્ટાફ સભ્યોએ પણ સક્રિય સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે સમસ્ત આદિવાસી સમાજ નવસારી જિલ્લાના પ્રમુખ ડો. નિરવ પટેલ દ્વારા આચાર્ય ડો. ધર્મિષ્ઠાબેન બી. પટેલ અને ડો. કીર્તિબેન ગરાસિયાના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. સાથે જ તેમણે ભવિષ્યના શિક્ષકો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે શિક્ષણક્ષેત્રમાં આગળ વધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
**www.damangatimes.com**

# મલિયાધરા બ્રિજ પાસે ટેમ્પા ચાલકને મારનાર ત્રણ સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૫ :** ચીખલી તાલુકાના ગામોમાં જાહેરમાં મારામારીના બનાવો વધતા જઈ રહ્યા છે ત્યારે ચીખલી ઘેજ માર્ગ ઉપર એક ટેમ્પા ચાલકે સાઈડ ન આપવા બાબતે ત્રણ જેટલા શખ્સોએ ટેમ્પા ચાલકને લાકડા વડે માર મારી હાથની આંગળીમાં ફેકચર તથા મોબાઈલ તોડી નાખી તેમજ વાહનને નુકસાન કરી ભાગી ગયા હોવાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવી પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ધવલ નિલેશ આહીર રહે.અટગામ ઘોડા ટેકરી ફળિયા તા.જી. વલસાડ જે તારીખ ૧. ૩. ૨૬ ના રોજ આઠેક વાગ્યાના અરસામાં પોતાનો આઈસર ટેમ્પો ચીખલી થી અટગામ લઈ જઈ રહ્યો હતો

દરમિયાન રસ્તામાં એક મોટરસાયકલ સવારે ઝઘડો કરી આગળ આવ તને બતાવું એમ જણાવ્યું હતું બાદમાં મોટરસાયકલ સવારે પોતાના મિત્રોને મોબાઈલ ફોન કરીને બોલાવી લેતા ધવલ આહીર મલિયાધરા નદીના બ્રિજ ઉપર પહોંચતા જ અજાણ્યા ઈસમો ધવલ ઉપર લાકડા વડે તૂટી પડ્યા હતા જેમાં ધવલ આહીરને હાથની આંગળીમાં ફેક્ચર તથા જાઘના ભાગે પણ ગુપ્તમાર માર્યો હતો તેટલું જ નહીં પરંતુ મોબાઈલ પણ તોડી નાખ્યો હતો જ્યારે વાહનને પણ નુકસાન કર્યું હતું જે બનાવના વિડીયો વાયરલ થતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી અને ત્રણ દિવસ બાદ ધવલ આહીર ની ફરિયાદ વલસાડ ખાતે સારવાર લઈ રહ્યો હતો જ્યાં લેવામાં આવી હતી જેમાં આરોપી તરીકે પ્રતિક રમેશ હળપતિ, ભાવિન ડાયા પટેલ બંને રહે મલિયાધરા તા. ચીખલી તથા હેમીલ ધર્મેશ પટેલ રહે. ચીખલી આ ત્રણે શખ્સો સામે ફરિયાદ થતાં બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ એચ એચ ફળદુ કરી રહ્યા છે.

## सार्वजनिक सूचना

मैं, अधिवक्ता पारुल आर. राजपूत, अपने मुवक्किलों के निर्देशानुसार यह सार्वजनिक सूचना जारी करती हूँ कि–

मेरे मुवक्किलगण,

श्री धीरज पाण्डेय पुत्र जय शंकर पाण्डेय, आयु लगभग 44 वर्ष, तथा श्रीमती सरिता पाण्डेय पत्नी धीरज पाण्डेय, आयु लगभग 43 वर्ष, निवासी मकान नं. 144/1, नवा कुआ फलिया, डेमनी रोड, –दादरा, सिलवासा, संघ राज्य क्षेत्र दादरा एवं नगर हवेली – 396230.

अपनी स्व–अर्जित चल एवं अचल संपत्तियों के पूर्ण एवं वैध स्वामी हैं। यह घोषित किया जाता है कि उनका पुत्र पाण्डेय दिव्यांश धीरज, अपने गैर–जिम्मेदार व्यवहार एवं परिवारिक अनुशासन के विरुद्ध आचरण करने के कारण, उनके पारिवारिक एवं संपत्ति संबंधी मामलों पृथक है।

अत: यह सार्वजनिक रूप से घोषित किया जाता है कि–

1. उक्त पुत्र का मुवक्किलगण की वर्तमान अथवा भविष्य की किसी भी स्व–अर्जित संपत्ति मे कोई अधिकार, हक, दावा या हिस्सा नहीं है।
2. यदि कोई व्यक्ति उससे किसी भी प्रकार का ऋण, उधार, गारंटी या आर्थिक लेन–देन करता है तो वह पूर्णत: अपने जोखिम, खर्च एवं परिणाम पर करेगा।
3. उसके द्वारा किसी बैंक, वित्तीय संस्था, निजी साहूकार या अन्य किसी व्यक्ति से लिए गए किसी भी ऋण, देनदारी या आर्थिक दायित्व के लिए मुवक्किलगण किसी भी प्रकार से उत्तरदायी नहीं होंगे।

**स्थान: सिलवासा**
**दिनांक: 03/03/2026**

sd/-
**अधिवक्ता पारुल आर. राजपूत**

sd/-
**श्री धीरज पाण्डेय**
sd/-
**श्रीमती सरिता पाण्डेय**

Advocate Stamp

## CHANGE OF NAME

I HAVE CHANGED OLD NAME FROM **MANGILAL JAVERCHANDJI RATHOD** TO NEW NAME **MANGILAL JAVERCHANDJI JAIN** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTICE.
SD : **MANGILAL JAVERCHANDJI JAIN**
ADDRESS. : 303, KISHAN CO.OP.HOUSING SOCITEY, DESAIWAD, NEAR HANUMAN MANDIR, VAPI, TAL. VAPI, DIST. VALSAD, GUJRAT-396191

## CITIZENCREDIT CO-OPERATIVE BANK LTD

(A Scheduled Multi-State Bank)
Regd. No. MSCS/CR/75/98 DT. 20-1-98

**ઈ-હરાજી વેચાણ સૂચના**

સિટિઝનક્રેડિટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસ: સિટિઝન ક્રેડિટ સેંટર, સીટીયસ નં. ૨૩૬, માર્વે રોડ, ઓર્લેમ, માલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪

સ્થાવર મિલકતોના ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના

ઈ-ઓક્શન સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ સિક્યોરિટાઇઝેશન અને ફાઇનાન્સિયલ એસેટ્સનું પુનર્ગઠન અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટનું અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ બેંક પાસે ગીરવે મૂકેલી, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) અને ૯(૧) સાથે વાંચીને.

નોટિસ, આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને સંબંધિત લેનારા (Borrower) અને જામીનદાર (Guarantor) ને જાણ કરવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો મૂકેલી નીચે દર્શાવેલ સ્થાવર મિલકતો, જેનો ભૌતિક કબજો સિટિઝનક્રેડિટ કો-ઓપ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે **"જેમ છે તેમ જ્યાં છે" (AS IS WHERE IS BASIS), "જેમ છે તેમ જ છે" (AS IS WHAT IS BASIS) જે કંઈ છે તે" (WHATEVER THERE IS BASIS)** અને **"કોઈ આશ્રય આધાર નથી" (NO RECOURSE BASIS)** ના ધોરણે, નીચે દર્શાવેલ બાકી લેણાં, વ્યાજ અને ખર્ચની વસૂલાત માટે વેચવામાં આવશે. આ વેચાણ અધિકૃત અધિકારી દ્વારા વેબ પોર્ટલ (https://www.bankeauctions.com) પર પૂરા પાડવામાં આવેલ ઈ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે.

સ્થાવર મિલકતોનું વર્ણન

| શાખાનું નામ / ઉધાર લેનારનું નામ અને સરનામું | ગીરવે મૂકેલી મિલકતની વિગતો | ઓર્ડર/૧૩(૨) મુજબ બાકી રકમ / યુ/એસ ૧૪ ઓર્ડરની તારીખ | અનામત કરેલા ભાવ (રૂ.) / ઇએમડી / બિડની વધેલી રકમ | નિરીક્ષણની તારીખ અને સમય | ઇએમડીની તારીખ અને સમય / ઇ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| **શાખા- નાની દમન** **મેસર્સ મહાવિર પ્રિંટસ** (પ્રોપ: સુશ્રી. કેથરીન જીનિતા માર્શલ) **ઉધાર લેનારનું સરનામું:** ફ્લેટ નં. ૭૦૩, ડયુન્સ સીએચએસએલ, મશાલ ચોક, કથીરિઆ, નાની દમન-૩૯૬૨૧૦ **બાંયધરી આપનારના નામ:** શ્રી. સુરેન્દ્રકુમાર નરેશભાઇ પુરોહીત | **મિલકત નં.૧** ફ્લેટ નં. ૭૦૩, ડયુન્સ સીએચએસએલ, મશાલ ચોક, કથીરિઆ, નાની દમન - ૩૯૬૨૧૦ ક્ષેત્રફળ: ૭૮૦ ચો. ફીટ (બિલ્ટ અપ) **(સુશ્રી. કેથરીન જીનિતા માર્શલની માલકીના)** | ૩૧.૦૮.૨૦૨૨ - ૧૩(૨) ના રોજ રૂ.૭૪,૨૨,૭૧૩.૯૫ (૦૧.૦૯.૨૦૨૨ થી વ્યાજ અને શુલ્ક સાથે) તારીખ ૨૮.૦૨.૨૦૨૫ ના રોજનો યુ/એસ. ૧૪ ઓર્ડર | **મિલકત નં.૧** રૂ.૩૦,૫૦,૦૦૦/- રૂ.૩,૦૫,૦૦૦/- રૂ.૧૦,૦૦૦/- | ૧૩.૦૩.૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ સુધી | ૧૮.૦૩.૨૦૨૬ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ઇએમડી / ૨૦.૦૩.૨૦૨૬ ના રોજ ઇ-હરાજી સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૧.૦૦ સુધી |
| **શાખા- નાની દમન** **મેસર્સ મહાવિર પ્રિંટસ** (પ્રોપ: સુશ્રી. કેથરીન જીનિતા માર્શલ) **ઉધાર લેનારનું સરનામું:** ફ્લેટ નં. ૭૦૩, ડયુન્સ સીએચએસએલ, મશાલ ચોક, કથીરિઆ, નાની દમન-૩૯૬૨૧૦ **બાંયધરી આપનારના નામ:** શ્રી. સુરેન્દ્રકુમાર નરેશભાઇ પુરોહીત | **મિલકત નં.૨** ફ્લેટ નં.૫૦૩, ડીએમસી નં.૧૪-૧૫૫.૫ મી માળ, સાઇ નિવાસ "સી" વિંગ, સર્વે નં. ૨૯૫/૧, (૩૭-૩), કથીરિઆ,નાની દમન, ક્ષેત્રફળ: ૭૮૫ ચો. ફીટ (સુપર બિલ્ટ અપ) **(સુશ્રી. કેથરીન જીનિતા માર્શલની માલકીના)** | ૩૧.૦૮.૨૦૨૨ - ૧૩(૨) ના રોજ રૂ.૭૪,૨૨,૭૧૩.૯૫ (૦૧.૦૯.૨૦૨૨ થી વ્યાજ અને શુલ્ક સાથે) તારીખ ૨૮.૦૨.૨૦૨૫ ના રોજનો યુ/એસ. ૧૪ ઓર્ડર | **મિલકત નં.૨** રૂ.૭,૦૦,૦૦૦/- રૂ.૭૦,૦૦૦/- રૂ.૧૦,૦૦૦/- | ૧૩.૦૩.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ સુધી | ૧૮.૦૩.૨૦૨૬ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ઇએમડી / ૨૦.૦૩.૨૦૨૬ ના રોજ ઇ-હરાજી સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૧.૦૦ સુધી |

અધિકૃત અધિકારીના જ્ઞાન અને માહિતી મુજબ, કોઇપણ મિલકત પર કોઇ બોજો નથી. જોકે, બોલી લગાવનારાઓએ તેમની બોલી જમા કરાવતા પહેલાં મિલકત પરના બોજા, તેના ટાઇટલ અને મિલકતને અસર કરતા દાવાઓ/અધિકારો/લેણાં અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઇએ. રસ ધરાવતા બોલી લગાવનારાઓએ તેમની ઇએમડી (ઉપર જણાવ્યા મુજબ) નીચેના ખાતામાં એનઇએફટી/આરટીજીએસ દ્વારા જમા કરાવવી: **ખાતા નંબર: ૧૦૦૫૭૭૦૦, ખાતાનું નામ: સિટિઝનક્રેડિટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, લાભાર્થીનું નામ: સિટિઝનક્રેડિટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, આઇએફએસસી કોડ: CCBL0209005 (પાંચમો અંક શૂન્ય છે).** કૃપા કરીને નોંધ લેશો કે ઇએમડીની રકમ તરીકે ચેક સ્વીકારવામાં આવશે નહીં.

ઇ-હરાજી સંબંધિત સહાય જે બોલી લગાવનારાઓને લોગિન આઇડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા, બિડ દસ્તાવેજો સબમિટ કરવા, ઓનલાઇન ઇન્ટર-સે બિડિંગ પર તાલીમ/પ્રદર્શન વગેરેમાં સહાયની આવશ્યકતા હોય, તેઓ **મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રા. લિ., પ્લોટ નં. ૬૮, ત્રીજો માળ, સેક્ટર- ૪૪, ગુરુગ્રામ, હરિયાણા, પિન: ૧૨૨૦૦૩, હેલ્પલાઇન નંબર: +૯૧-૧૨૪-૪૩૦૨૦૨૦/ ૨૧/૨૨/૨૩/૨૪, +૯૧-૮૯૯૯૯૮૨૯૩૭, હેલ્પલાઇન ઇમેલ આઇડી: support@bankeauctions.com**,નો સંપર્ક કરી શકે છે.ઓનલાઇન હરાજી ઇ-ઓક્શન એજન્સી સી૧ ઇન્ડિયા પ્રા. લિમિટેડની વેબસાઇટ પર થશે, જેની લિંક https://www.bankeauctions.com છે. મિલકત સંબંધિત પૂછપરછ મિલકત સંબંધિત કોઇપણ પ્રશ્નો માટે, અધિકૃત અધિકારી **શ્રી. ટોની મિરાન્ડા, મોબાઇલ નંબર +૯૧-૯૯૭૦૮૧૧૭૦૫, ઇમેલ આઇડી: legal@citizencreditbank.com, સમય: સોમવાર થી શનિવાર, કામકાજના કલાકો દરમિયાન (સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી)**, નો સંપર્ક કરો.

ખરીદદારે લાગુ પડતી સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ખર્ચ અને ટ્રાન્સફર ચાર્જીસ ભોગવવાના રહેશે. ઉપરાંત, મિલકત પરના તમામ બાકી લેણાં, જેમ કે સોસાયટીના લેણાં, પ્રોપર્ટી ટેક્સ, વીજળી બિલ વગેરે પણ ખરીદદારે ચકાસીને ચૂકવવાના રહેશે. આ નોટિસ ઉપર નામ આપેલા લેનારાઓ/જામીનદારો/ગીરો મૂકનારાઓને પણ ગીરો મૂકેલી મિલકતોની નિર્ધારિત ઇ-હરાજી વિશેની જાણ કરવા માટે છે.

**ઇ-હરાજીના વેચાણ માટેની શરતો અને નિયમોની વધુ વિગતો માટે, કૃપા કરીને https://citizencreditbank.com/mybank/news-events-2 પર આપેલી લિંકનો સંધર્ભ લો.**

તારીખ: ૦૫/૦૩/૨૦૨૬
સ્થાન: દમણ

સહી/-
અધિકૃત અધિકારી
સિટિઝનક્રેડિટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૩૯/૨૦૨૬**

**અરજદાર :** ભગુભાઈ ચિમનભાઈ નાયકા
કોઢાર ફળિયા, કવાલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કવાલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ચિમનભાઈ જાનીયાભાઈ નાયકાનું** મરણ તા.૨૦/૦૫/૨૦૦૧ના રોજ મોજે કવાલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કવાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કવાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહુ અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કવાલ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૪૦/૨૦૨૬**

**અરજદાર :** ભગુભાઈ ચિમનભાઈ નાયકા
કોઢાર ફળિયા, કવાલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કવાલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **જાનીયાભાઈ ધાકલભાઈ નાયકાનું** મરણ તા.૧૦/૦૮/૧૯૬૮ના રોજ મોજે કવાલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કવાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કવાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહુ અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કવાલ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

## જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૫૭/૨૦૨૬**

**અરજદાર :** ઉત્તમભાઈ નથ્થુભાઈ પટેલ
**રહે.** પાટી, નદી ફળિયું
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પાટી તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **ઉત્તમભાઈ નથ્થુભાઈ પટેલ** રહે. પાટી, નદી ફળિયું તા. ખેરગામ જી.નવસારીએ તેમના ભાઈ **કરશનભાઈ નથ્થુભાઈ પટેલ**નું મરણ મોજે, પાટી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૨૦૧૩ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૦૫/૦૩/૨૦૨૬
સ્થળ : વાંસદા

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

## જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૪૯/૨૦૨૬**

**અરજદાર :** પુષ્પાબેન ગુલાબભાઈ પટેલ તે છગનભાઈ પટેલની પત્ની
**રહે.** વાડ, ભવાની ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વાડ તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **પુષ્પાબેન ગુલાબભાઈ પટેલ તે છગનભાઈ પટેલની પત્ની** રહે. વાડ, ભવાની ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના બહેન **સુશીલાબન ગુલાબભાઈ પટેલ**નો જન્મ મોજે, વાડ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૧૯૭૪ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૦૫/૦૩/૨૦૨૬
સ્થળ : વાંસદા

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા




## ટેરેસ ગળે છે ??



**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**







## દમણગંગા ટાઈમ્સ

### ડીસ્કલેમર/ સ્પષ્ટતા

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Friday 06, March 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## આમલી ચાર રસ્તાના હંગામી બસ સ્ટેશને પ્રાથમિક સુવિધાનો અભાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૫ :** ટોકરખાડા ખાતે નવા બસ સ્ટેન્ડના નિર્માણકાર્યને કારણે પરિવહન વિભાગ દ્વારા બસ સેવાઓને અસ્થાયી રીતે અમલી ચાર રસ્તા ખાતે ગાયત્રી મંદિર પાસેની ખુલ્લી જગ્યાએ ખસેડવામાં આવી છે. વિભાગ દ્વારા જાહેર કરાયેલા પ્રેસ નોટ બાદ અહીંથી GSRTC, MHRTC અને ઈવી બસોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ સ્થળ પર મુસાફરો માટે જરૂરી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ નથી.મુસાફરોના જણાવ્યા અનુસાર અસ્થાયી બસ સ્ટેન્ડ તરીકે માત્ર એક ખુલ્લું મેદાન જ છે, જ્યાં છાપરાવાળો શેડ કે બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે ખાસ કરીને વડીલો, મહિલાઓ અને બાળકોને લાંબા સમય સુધી ઊભા રહી બસની રાહ જોવી પડે છે. તે ઉપરાંત અહીં બસના રૂટ અને સમયપત્રક દર્શાવતો કોઈ માહિતી બોર્ડ લગાવવામાં આવ્યો નથી, જેના કારણે મુસાફરોને બસોના સમય અને ગંતવ્ય અંગે અસ્પષ્ટતા રહે છે. સાથે સાથે લાઈટિંગ, કચરાપેટી, સ્પષ્ટ સાઈનેજ, દિવ્યાંગજનો માટે રેમ્પ અને ટૅક્ટાઈલ પાથવે જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. હાલમાં વિસ્તારમા તીવ્ર ગરમી અને તડકાની ઋતુ શરૂ થઈ રહી છે, ત્યારે બસ સ્ટેન્ડ આસપાસ મુસાફરોને છાંયો મળે તે માટે ઝાડ પણ નથી, જેના કારણે મુસાફરોને કડકડતા તડકામાં ઊભા રહી બસની રાહ જોવી પડે છે.

સ્થાનિક લોકોના કહેવા મુજબ માત્ર એક પ્રેસ નોટ જાહેર કરી અને મંદિરની જમીન પર બસો ચલાવી દેતાં પ્રશાસનએ જાણે પોતાની જવાબદારી પૂરી થઈ ગઈ હોય તેમ વર્તન કર્યું છે, પરંતુ મુસાફરો માટેની જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી નથી.મુસાફરો અને સ્થાનિકોએ પ્રશાસનને તાત્કાલિક અહીં શેડ, બેઠકો, બસ માહિતી બોર્ડ, લાઈટિંગ અને અન્ય આવશ્યક સુવિધાઓ ઉભી કરવાની માંગ કરી છે.

## વલસાડના લીફટ અકસ્માતમાં સરદાર હાઈટસના રહીશોમાં એજન્સી સામે રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ ના તિથલ રોડ પર આવેલી સરદાર હાઈટસ સોસાયટીની બિલ્ડીંગોમાં છેલ્લા કેટલાક સમયથી લિફ્ટ દુર્ઘટનાઓ બની રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં સતત ત્રણ લિફ્ટ દુર્ઘટના બનતા રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. હાઉસિંગની આ બિલ્ડીંગોમાં લિફ્ટનું મેન્ટેનન્સ કરતી કરતી ખાનગી એજન્સીની બેદરકારીને કારણે જ દુર્ઘટનાઓ બની રહી હોવાના સ્થાનિકો અને સંચાલન કમિટી મેમ્બરો આક્ષેપ કરી રહ્યા છે.

વલસાડ શહેરના તિથલ રોડ પર ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ હેઠળ સરદાર હાઈટ્સ નામની સોસાયટી બનાવવામાં આવી છે. આ બિલ્ડીંગોમાં ૧૮૪૦ થી વધુ ફ્લેટ આવેલા છે. જેમાં ૭,૦૦૦ થી વધુ લોકો રહે છે. આ હાઈરાઈઝ બિલ્ડીંગોમાં ઉપરના માળે ચડવા ઉતરવા ૩૬ જેટલી લીફ્ટો લગાવેલી છે. જોકે છેલ્લા કેટલાક દિવસથી આ હાઈરાઈઝ બિલ્ડીંગોની લિફ્ટમાં ખામી સર્જાતી હોવાના અને લોકોના જીવ જોખમમાં મૂકાતા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. પ્રથમ બનાવો બિલ્ડીંગની લીફ્ટમાં દૂધવાળો દૂધ આપવા જતી વખતે લિફ્ટ અધવચ્ચે અટકી ગઈ ઘટના બની હતી અને લિફ્ટનો દરવાજો નહીં ખુલતા દૂધવાળો લાંબા સમય સુધી લિફ્ટમાં ફસાઈ ગયો હતો. તો બે દિવસ અગાઉ જ વત્સલ પંચાલ નામના વ્યક્તિ લિફ્ટમાં આવતી વખતે ગ્રાઉન્ડ પર સાથે લિફ્ટ તેમના માળ પર રોકાતા દરવાજો ખુલતા તેઓએ પગ બહાર મુકતા જ અચાનક ડબલ સ્પીડે લિફ્ટ ચાલુ થઈ ગઈ હતી. આથી વત્સલ પંચાલ તેમના ફ્લોર પર લિફ્ટની બહાર નીચે પટકાયા હતા. તેના પછીના દિવસે બે બાળકીઓ લિફ્ટમાં સવાર થઈ હતી એ દરમિયાન ત્રીજા માળે લિફ્ટ રોકાતા લિફ્ટનો અંદરનો દરવાજો ખુલી ગયો હતો.. પરંતુ બહારનો દરવાજો નહીં ખુલતા આ બાળકીઓ લિફ્ટમાં જ ફસાઈ ગઈ હતી. લાંબા સમય સુધી આ બંને બાળકીઓ લિફ્ટમાં જ ફસાઈ રહી હતી. આથી બિલ્ડીંગના દોડધામ મચી ગઈ હતી. લોકોએ ભારે જહેમત બાદ બને બાળકીઓ ને સલામત બહાર કાઢી હતી. આમ સરદાર હાઈટ્સમાં આવેલી બિલ્ડિંગમાં લિફ્ટ ની અલગ અલગ ત્રણ ઘટનાઓ બનતા સોસાયટીના રહીશોમાં ભારે રસ જોવા મળ્યો હતો.

સરદાર હાઈટ્સ નામની આ સોસાયટીમાં છત્રી જેટલી લીસ્ટો લગાવવામાં આવી હોય જેનો એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ ઓમેગા એલીવેટર્સ કંપનીનેજ સોંપવામાં આવેલો છે. એન્યુઅલ મેન્ટેનન્સ ના નામે કંપની દર વર્ષે લાખો રૂપિયા વસુલે છે. જોકે તેમ છતાં અવારનવાર લિફ્ટમાં ખામી હોવાથી દુર્ઘટનાઓ બનતા લોકોના જીવ જોખમમાં મુકાતા હોવાની વધી રહેલી ઘટનાઓને કારણે લોકોમાં રોષ જોવાા મળ્યો છે. લિફ્ટ એજન્સીની બેદરકારીને કારણે આવી અવારનવાર ઘટનાઓ બની હોવાનો આક્ષેપ કર્યો છે.

## વઘઈમાં વન વિભાગે ગેરકાયદે સાગનો જથ્થો અને મશીનરી સાથે ૧ ની અટક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૫ :** દક્ષિણ ડાંગ આહવાનાં નાયબ વન સંરક્ષક નિરજ કુમારને મળેલ બાતમી અને માર્ગદર્શન હેઠળ આજરોજ વન વિભાગ દ્વારા સફળ કામગીરી કરવામાં આવી હતી.આ તપાસ અભિયાનમાં મદદનીશ વન સંરક્ષક આરતી આર. ડામોર, વઘઈ અને સાકરપાતળના રેંજ ફોરેસ્ટ ઓફિસર તેમજ વઘઈ, ચીચીનાંગાવઠા અને સાકરપાતળ રેંજનો સ્ટાફ તથા વઘઈ પોલીસ સ્ટાફ સંયુક્ત રીતે જોડાયા હતા.તપાસ દરમિયાન ઉગા ગામના રહેવાસી વિનોદભાઈ તુળશીરામભાઈ ભગરેના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો.તપાસ દરમિયાન આરોપીના ઘરેથી કોઈ પણ પાસ કે પરમીટ વગરના સાગી સાઈઝના ૨૯૫ નંગ (૧.૫૬૯ ઘન મીટર) મળી આવ્યા હતા. આ ઉપરાંત, ગેરકાયદેસર ફર્નિચર બનાવવા માટે વપરાતા રંધા મશીન અને કટર મશીન જેવા સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા કુલ અંદાજીત ૧,૬૫,૦૦૦/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે આરોપી વિનોદભાઈ ભગરેની અટકાયત કરવામાં આવી છે અને દક્ષિણ વન વિભાગ દ્વારા આગળની કાયદેસરની તપાસ ચાલુ છે.

## વાપી આઈસીએઆઈના ચેરમેન તરીકે સીએ દીપિકા ગુટગુટિયાની વરણી કરાય

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૫ :** વાપીમાં ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ની વાપી શાખાના નેતૃત્વમાં પરિવર્તન આવ્યું છે. તાજેતરમાં વાપીના ભારતી બા વિલા એન્ડ રિસોર્ટ ખાતે યોજાયેલા એક સમારોહમાં CA દીપિકા ગુટગુટિયાએ નવા ચેરપર્સન તરીકે વિધિવત શપથ ગ્રહણ કર્યા હતા. આ શપથ ગ્રહણ સમારોહમાં પ્રોફેશનલ જગતના નામાંકિત નેતાઓએ હાજરી આપી હતી. જેમાં વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલ ના ચેરમેન સૌરભ અજમેરા, સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર જય છૈરા અને રિજનલ કાઉન્સિલ મેમ્બર શ્વેતા જૈન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, વાપી શાખાના પૂર્વ ચેરપર્સન જીજ્ઞેશ વસાણી, ગગન ચતુર્વેદી, વિમલ દેસાઈ અને હરેન્દ્ર કુમારે પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

સમારોહમાં ૭૫ થી વધુ સભ્યોની હાજરીમાં નવી ટીમે વાપી રીજનમાં વ્યાવસાયિક કૌશલ્ય વધારવા, સભ્યો વચ્ચે નેટર્વકિંગ મજબૂત કરવા અને ખાસ કરીને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કામ કરવાની -તિબદ્ધતા વ્યક્ત કરી હતી.

તેમનું વિઝન અમારું વિઝન, સૌની પ્રગતિ છે. વાપી શાખાએ આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ મહાનુભાવો અને સભ્યોનો આભાર માન્યો હતો. આ નવી નિયુક્તિ આગામી સમયમાં સંસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## ઉંટડી કોસ્ટલ હાઈવે પર અકસ્માત : પતિનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડના ઉંટડી કોસ્ટલ હાઈવે પરથી જતા બીલીમોરા ના નવદંપતી ની બાઈક પૂર ઝડપે હંકારતા સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી બાઈક રોડ ની બાજુમાં પટકાતા પતિનું એ માથામાં ગંભીર ઈચ્છા થતા તેનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજો જ્યારે પતિને સારવાર અર્થે વલસાડની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

વલસાડ તાલુકા ઉંટડી નજીક કોસ્ટલ હાઈવે પર થી બીલીમોરા નો ભગવાન ટંડેલા અને તેમની પત્ની બાઈક પર બેસી વલસાડ કામ અર્થે આવ્યા હતા જે બાદ તેઓ બાઈક પર પરત જતી વખતે બાઈક સવાર ભગવાનભાઈ ટંડેલ બાઈક પૂર ઝડપે હંકારી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન પતિએ બાઈક પરથી સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાતા બાઈક રોડની સાઈડમાં ખાબકી હતી. જેથી પતિ ભગવાનભાઈ ટંડેલાને પત્ની બન્ને રોડની બાજુમાં પટકાયા હતા. આ ઘટનામાં પતિ ભગવાન ટંડેલનું ઘટના સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું.

જ્યારે પત્ની ગંભીર રીતે ઈજાગ્રત થયા હતા. ઘટનાની જાણ થતા જ ગામના લોકો એકઠા થયા હતા અને પત્નીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બનાવની જાણ થતા ડુંગરી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી જે અંગે આગળની તજવીજ હાથ ધરી છે.

## તેજલાવમાં પરિણાતાએ જંતુનાશક દવા ગટગટાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૫ :** ચીખલી તાલુકાના તેજલાવ ગામે એક પરિણીત મહિલાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા જેને સારવાર માટે ડુંગરી વૈદ્યના દવાખાને દાખલ કરવામાં આવી હોવાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે બનાવની પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના તેજલાવ આશ્રમ ફળીયા ખાતે રહેતી મયુરી મનીષ પટેલ ઉ.વ ૨૩ જેના લગ્નના પાંચ વર્ષ થયા હોય જેણે આજરોજ સવારના ૮:૩૦ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે જંતુનાશક દવા પી લેતા જેને બેભાન અવસ્થામાં ડુંગરી વૈદ્યના દવાખાને સારવાર અર્થે દાખલ કરી હોવાની ફરિયાદ ડુંગરી હોસ્પિટલના ડોક્ટરે ચીખલી પોલીસ મથકે કરી છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## વઘઈ-આહવા રોડ પર બાઈક સવારનું અકસ્માતમાં મોત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૫ :** ડાંગ જિલ્લાનાં વઘઈ-આહવા રોડ પર નડગખાદી ગામની સીમમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ૩૩ વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.મોટરસાયકલ સવાર યુવાને સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા બાઈક રોડની સાઈડમાં આવેલા લોખંડના પાઈપો સાથે અથડાઈને દીવાલ નીચે ખાબકી હતી.

મળતી માહિતી મુજબ, નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વાટી ગામના રહેવાસી ગીરીશભાઈ સતુભાઈ પવાર (ઉં.વ. ૩૩) ગત તારીખ ૦૩/૦૩/ ૨૦૨૬ના રોજ પોતાની દીકરીને સાસરીમાં મૂકીને પરત ફરી રહ્યા હતા. રાત્રિના આશરે ૧૨:૩૦ થી સવારના ૦૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન, નડગખાદી ગામ પાસેના વળાંકમાં તેમની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (નંબર GJ-21-DE-6972) પરથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોટર સાયકલ ચાલકના શરીરે આંખ, કપાળ અને નાકના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ અકસ્માતમાં તેમનું મોત નિપજ્યું હતુ.હાલમાં વઘઈ પોલીસની ટીમે મૃતદેહને પીએમ (Post-Mortem) માટે વઘઈ સી.એચ.સી. ખાતે ખસેડવામાં આવ્યો હતો.વઘઈ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોતીવાડા પાસે દારૂ સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૫ :** પારડી તાલુકાના મોતીવાડા ગામમાં ઓવરબ્રિજ પાસે દારૂનો મોટો જથ્થો વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ઝડપી પાડી ઝડપાયો બે આરોપી પકડી લીધા હતા એલ.સી.બી. વલસાડ, પેટ્રોલિંગ હતા દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે સફેદ રંગની મહીન્દ્રા બોલેરો પીકઅપ નં. GJ-26-T-9325 માં મોટી માત્રામાં ગેરકાયદેસર દારૂનો જથ્થો સુરત તરફ લઈ જવાઈ રહ્યો છે.

પોલીસે બે પંચોની હાજરીમાં નાકાબંધી ગોઠવી પીકઅપને અટકાવી તપાસ કરતા તેમાં કાળા તાડપત્રીમાં ઢાંકેલા બોક્સમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કી, વોડકા અને બિયરના સીલબંધ બોક્સ મળી આવ્યા હતા. કુલ ૩૩ બોક્સમાંથી ૧૨૨૪ બોટલ ટીન નો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૪,૮૨,૪૦૦ ગણાઈ છે દારૂ સાથે પીકઅપ વાહન (કિંમત અંદાજે રૂ. ૫ લાખ અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯,૮૫,૯૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પકડાયેલા આરોપીઓમાં મોહમદ સુફીયાન મોહમદ સઈદ બરકતવાલા રહે. સુરત ચાલક તથા રીતેશ ભરતભાઈ દેસાઈ રહે વલસાડ ક્લીનરનો સમાવેશ થાય છે બંને આરોપીઓએ પૂછપરછ દરમિયાન જણાવ્યું કે દમણ તરફથી દારૂ ભરાવી પલસાણા તરફ પહોંચાડવાનો હતો. આ મામલે દેવાંગ રાઠોડ રહે. વલસાડ નામના શખ્સની સંડોવણી સામે આવી છે, જેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે પોલીસે આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરાઈ છે.

ધૂળેટી પર્વ નિમિત્તે નાની છીપવાડ યુવક મંડળ અને શ્રી વાવડી ગણેશ મહોત્સવ દ્વારા

## છીપવાડની રકતદાન શિબિરમાં ચાર કલાકમાં ૪૦ બોટલ લોહી એકત્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** ધૂળેટીના પાવન પર્વ નિમિત્તે શ્રી નાની છીપવાડ યુવક મંડળ અને શ્રી વાવડી ગણેશ મહોત્સવ વલસાડ દ્વારા ૩૧મો રક્તદાન શિબિર સફળતાપૂર્વક યોજાયો જેમાં ૪ કલાકમાં જ ૪૦ જેટલી રકતબેગોનું રક્તદાન મેળવવામાં આવ્યું. આ કેમ્પ માં ૧૨ જેટલા રક્તદાતાઓ રક્તની અલ્પતા ને કારણે પોતાનું રક્તદાન કરી શક્યા ન હતા. આ શિબિર માં ઉર્વીશ પ્રજાપતિએ ૫૦મી વખત રક્તદાન કરતા આયોજકોએ પુષ્પગુરછથી સન્માન કર્યું હતું. છેલ્લા ઘણા વર્ષોથી સતત સેવા અને સમર્પણ સાથે આ સંસ્થાઓ દ્વારા વર્ષમાં બે વખત નિયમિત રક્તદાન શિબિરો યોજાઈ રહી છે, જેનાથી વલસાડ અને આસપાસના વિસ્તારોમાં રક્તની જરૂરિયાત પૂરી કરવામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહ્યું છે અને છેલ્લા ૧૬ વર્ષો દરમ્યાન ૩૦૦૦ થી વધુ રક્ત યુનિટ એકત્રિત કરી રકતદાન કેન્દ્રને સહયોગી થઈ રહ્યા છે. ૩૧મો રક્તદાન શિબિર નિયમિત રક્તદાતા સ્વ. હર્ષદરાય ભંડારીના પવિત્ર સ્મરણાર્થે સમર્પિત હતો. તેઓ વર્ષો સુધી રક્તદાન પ્રવૃત્તિઓને પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેમની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમની માનવસેવાની ભાવનાને નમન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિર માં હાલમાં તાલુકા વિકાસ અધિકારી જૂનાગઢ થી નાયબ કલેક્ટર તરીકે બઢતી પામેલા ડો રાજેન્દ્રસિંહ ઠાકોર , વેપારી મંડળના પ્રમુખ તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા રક્તદાનના મહત્ત્વ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું અને યુવાનોને નિયમિત રક્તદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.



આ કેમ્પમાંરક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો . ખાસ કરીને પ્રથમ વખત રક્તદાન કરનાર યુવાનોનો ઉમંગ અને સેવા ભાવ નોંધપાત્ર રહ્યો હતો.વર્ષોથી ચાલી રહેલી આ સેવા પ્રવૃત્તિ દ્વારા અનેક જરૂરિયાતમંદ દર્દીઓને જીવનદાયી સહાય મળી છે. અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ ( ARDF) અતુલ દ્વારા રક્તદાતાઓને -ોત્સાહક ભેટો અર્પણ કરી સેવા કાર્યમાં સહભાગી બન્યા હતાં. આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓ, મહાનુભાવો અને વલસાડ રક્તદાન કેન્દ્રની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો. રક્તદાન – મહાદાનના સંદેશ સાથે બન્ને સંસ્થાઓ વતી આયોજક શતક રકતદાતા ભીખુ ભાવસાર અને મિતેશ ભંડારી તથા એમની સમગ્ર ટીમ દ્વારા આવનારા સમયમાં પણ નિયમિત અને વધુ વ્યાપક સ્તરે રક્તદાન શિબિરો યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## ગણદેવી તા.પં.નું બજેટ મંજુર : વિકાસની હરણફાળ ભરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૫ :** ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભા ગુરુવાર બપોરે તલીયારા અંબિકાનદી કાંઠે નીલમ ફાર્મ માં મળી હતી જેમાં એજન્ડા ઉપરના પાંચ કામો ને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, કારોબારી ચેરમેન વિનોદ પટેલ, ઉપપ્રમુખ નીતાબેન દેસાઈ એ આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ.૪૪,૪૩,૬૦,૨૧૧ ની પુરાંત વાળું રૂ.૧૦૧,૪૯,૫૦,૦૦૦ નું અંદાજપત્ર રજુ કર્યું હતું. જેને સભાસદો એ સર્વાનુમતે મંજુર કર્યું હતું.

ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભા ગુરુવાર બપોરે પ્રમુખ પ્રશાંત શાહ ની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ગત સભા ની કાર્યવાહી ને સર્વાનુમતે મંજુર કરાઈ હતી. તાલુકા પંચાયત હસ્તક ની ગણદેવી જૂની કન્યા શાળાના જર્જરીત મકાન ને આ સપ્તાહમાં ઉતારી લેવાશે. તાલુકા વિકાસ અધિકારી કવાટર બનાવવા મંજૂરી અપાઈ હતી. તાલુકા હસ્તકની બીલીમોરા શાહ કેસરીચંદ ભાણાભાઈ કન્યા શાળા શોપિંગ સેન્ટરનાં બાકી વેરા માંગણા અને બાકી વેરો ન ભરનાર ને દુકાન ખાલી કરવા નોટિસ આપવા સર્વાનુમતે બહાલી અપાઈ હતી. નાઈટ વોચમેનનું મહેનતાણું વધારવા અંગે ચર્ચા કરાઈ હતી. જે બાદ વર્ષ ૨૦૨૬-૨૭ નું વાર્ષિક અંદાજપત્ર રજુ કર્યું હતું. રૂ.૧૦૧,૪૯,૫૦,૦૦૦ નાં બજેટમાં રૂ. ૯૫,૭૦,૫૮,૦૦૦ નાં ખર્ચ સાથે રૂ. ૪૪,૪૩,૬૦,૨૧૧ની પુરાંત દર્શાવી હતી. બજેટ માં તાલુકા પંચાયત સ્વકીય ભંડોળ ની આવક રૂ.૨.૧૯ કરોડ અંદાજવામાં આવી છે. શિક્ષણ અને બાળવિકાસ માટે ૭.૫૦લાખ, બાંધકામ ક્ષેત્રે રૂ.૪૬.૮૯ લાખ, સમાજ કલ્યાણ ક્ષેત્રે ૭.૫૦ લાખ, રૂ. ૨૫ હજાર કૃષિ મહોત્સવ અને ખેડૂત પ્રેરણા પ્રવાસ માટે રૂ.૩૨ હજાર માટે ફાળવણી કરાઈ હતી.

આગામી વર્ષમાં રૂ.૧૦૧,૪૯,૫૦,૦૦૦ આવક અંદાજવા માં આવી છે. રૂ.૯૮,૦૮,૫૦,૦૦૦ સરકારી નીતિ નિયમ મુજબ સૂચિત સરકારી અનુદાન, આયોજન મંડળનાં ફંડ, સંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયત સદસ્ય અનુદાનો તેમજ તાલુકા ટીમનાં સંયુક્ત પ્રયત્નો થકી તાલુકાનો સમતોલ વિકાસ થાય તે રીતે આયોજન કરાયું હોવાનું સભામાં જણાવાયું હતું. આમ, સભામાં અંદાજપત્રને ઉમેળકાભેર વધાવી સર્વાનુંમતે મંજુર કરાયું હતું. આ બજેટ સમાજના નબળા વર્ગના ઉત્થાન અને તાલુકાના વિકાસ નાં કામોને લક્ષમાં રાખી તૈયાર કરાયું હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી ચેતન દેસાઈ, એટીડીઓ કેતન પટેલ, બજેટ તૈયાર કરનાર નાયબ હિસાબનીશ મેહુલ ગોસાઈ, તથા તાલુકા પંચાયતનાં અધિકારી, કર્મચારીગણ, તા.પં.નાં ૨૪ પૈકી ૧૮ સભ્યો હાજર રહ્યા હતાં. તેમણે ઉપરોક્ત અંદાજપત્ર નબળા વર્ગનાં ઉત્થાન અને તાલુકાની વિકાસ યાત્રાને વેગ આપશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.




ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ની ચૂંટણીમાં આજે ફોર્મ ભરવાની અંતિમ તારીખે યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના ઉમેદવારોએ ફોર્મ ભરી આવનારા બે વર્ષના સમય ગાળામાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ઉદ્યોગકારો માટે મહત્વની સુવિધાઓ બહાલ કરવા સાથે ડ્રીમ પ્રોજેક્ટ એવા હોસ્પિટલ ને લોકોના હિતમાં કાર્યરત કરવા ના સંકલ્પ સાથે યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના નિશ્ચિત વિજય નો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમમાં અગાઉ સંસ્થાનું નેતૃત્વ કરી ચૂકેલા અનુભવી ઉદ્યોગકારો સાથે અન્ય ઉત્સાહી અને ઔદ્યોગિક વિસ્તારના હિતમાં સમર્પિત ભાવે કામ કરી શકે એવા યુવા ઉમેદવારોનો ઉત્સવ ઉડીને આંખે વળગે એવો હતો.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**